dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 232 | AD - 2026, Jeth Sud -13 | Friday, Dt. 29-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ડી.કે. શિવકુમાર કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે

# કર્ણાટકમાં સિધ્ધારમૈયાનું રાજીનામું, ડી.કે. શિવકુમારની તાજપોશીનો માર્ગ મોકળો

બેંગલુરુ,તા.૨૮

કર્ણાટકના રાજકારણમાં એક મોટો ગરમાવો આવ્યો છે.વર્તમાન મુખ્યમંત્રી સિધ્ધારમૈયાએ હાઈકમાન્ડના આદેશને માન આપીને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ૨૦૨૩માં જ્યારે કોંગ્રેસ સત્તા પર આવી, ત્યારે સિધ્ધારમૈયા અને ડી.કે. શિવકુમાર વચ્ચે અઢી-અઢી વર્ષની મુખ્યમંત્રી પદની વહેંચણીની ફોર્મ્યુલા નક્કી થઈ હોવાની ચર્ચાઓ હતી. હવે ત્રણ વર્ષ બાદ, આખરે ડી.કે. શિવકુમાર ૩૦ મેના રોજ કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યા છે, જેને પગલે તેમના સમર્થકોમાં ભારે ઉત્સાહ છે.

સિધ્ધારમૈયા જ્યારે રાજીનામું આપવા નીકળ્યા ત્યારે ખબર પડી કે રાજ્યપાલ થાવરચંદ ગેહલોત વ્યક્તિગત કારણોસર બેંગલુરુની બહાર ગયા છે. આથી, સિધ્ધારમૈયાએ રાજભવન (અથવા લોકભવન) પહોંચીને રાજ્યપાલના સચિવને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. તેમણે અખબારી યાદીમાં જણાવ્યું કે, 'પાર્ટી હાઈકમાન્ડના આદેશ મુજબ મેં રાજીનામું આપ્યું છે. અમારા પક્ષ પાસે પૂરતી બહુમતી છે, તેથી નવી સરકાર બનાવવી બંધારણીય છે. મારા માટે રાજ્યના હિત સર્વોપરી છે.'



રાજીનામા બાદ સિધ્ધારમૈયા અને ડી.કે. શિવકુમાર હસતા મુખે નાસ્તો કરતા અને હાથ મિલાવતા જોવા મળ્યા હતા, જે દર્શાવે છે કે પક્ષમાં બધું સમુસૂતર પાર પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. મંત્રી કે.એચ. મુનિયપ્પાએ પણ ઉમેર્યું કે ૨૦૨૮ની ચૂંટણી જીતવા માટે બંને નેતાઓએ સાથે મળીને એક મજબૂત યોજના બનાવી છે.

સિધ્ધારમૈયાના રાજીનામાના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ રાજ્યભરમાં, ખાસ કરીને શિવમોગામાં તેમના સમર્થકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. સમર્થકોની દલીલ છે કે સિધ્ધારમૈયાને હટાવવાથી પછાત વર્ગો (OBC) નો અવાજ નબળો પડશે. બીજી તરફ, ભાજપના સાંસદ અને પૂર્વ મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, 'આ પછાત વર્ગો સાથે મોટો વિશ્વાસઘાત છે. એક તરફ ઓબીસી માટે પ્રચાર કરવો અને બીજી તરફ ઓબીસી મુખ્યમંત્રીને પદ પરથી હટાવવા તે કોંગ્રેસની બેવડી નીતિ દર્શાવે છે.'

સૂત્રોના જણાવ્યા અનુસાર, પછાત વર્ગો અને દલિતોની નારાજગી દૂર કરવા માટે ડી.કે. શિવકુમારની સરકારમાં ત્રણ નાયબ મુખ્યમંત્રી (Deputy CM) બનાવવામાં આવી શકે છેઃ ઓબીસી (OBC) અને લિંગાયત સમુદાયઃ સિધ્ધારમૈયાના પુત્ર યતીન્દ્ર સિધ્ધારમૈયા, એમ.બી. પાટીલ અથવા ઈશ્વર ખાંડ્રે. દલિત સમુદાય (SC): વર્તમાન ગૃહમંત્રી જી. પરમેશ્વર અથવા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગે. મુસ્લિમ સમુદાયઃ સલીમ અહેમદ, રિઝવાન અરશદ અથવા રહીમ ખાન.

# બેઈજિંગમાં ભારત-ચીન વચ્ચે બેઠકમાં સરહદના મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા

નવી દિલ્હી,તા.૨૮

ભારત-ચીન સરહદ મુદ્દાઓ પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી પ્રણાલી (WMCC) ની ૩૫મી બેઠક ૨૭ મે, 20launched ૨૬ ના રોજ બેઈજિંગમાં યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) સુજીત ઘોષે કર્યું હતું, જ્યારે ચીન તરફથી સરહદ અને સમુદ્રી બાબતોના વિભાગના મહાનિર્દેશક હૌ યાન્કી હાજર



રહ્યા હતા. બંને દેશો વચ્ચેની આ ચર્ચા અત્યંત રચનાત્મક, સકારાત્મક અને ભવિષ્યલક્ષી રહી હતી.

બેઠક દરમિયાન બંને પક્ષોએ સરહદી વિસ્તારોની વર્તમાન પરિસ્થિતિની વ્યાપક સમીક્ષા કરી અને ત્યાં શાંતિ જાળવવા તરફ થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો. બંને દેશોએ સ્વીકાર્યું કે સરહદ પર શાંતિ જાળવવાથી દ્વિપક્ષીય સંબંધો સુધારવાની પ્રક્રિયાને વેગ મળ્યો છે. આ ઉપરાંત સીમાંકન, સરહદ વ્યવસ્થાપન અને પરસ્પર સંકલનને મજબૂત કરવા પર વિગતવાર ચર્ચા થઈ હતી. ભારતે સરહદ પારની નદીઓ અંગે નિષ્ણાત સ્તરની બેઠક ટૂંક સમયમાં યોજવા પર ભાર મૂક્યો હતો. બંને પક્ષો આગામી ખાસ પ્રતિનિધિ સ્તરની બેઠકની વ્યાપક તૈયારીઓ કરવા અને રાજદ્વારી તેમજ લશ્કરી સ્તરે નિયમિત સંવાદ જાળવી રાખવા સંમત થયા હતા.

# સીબીએસઈ મૂલ્યાંકન ખામીઓની જવાબદારી શિક્ષણ મંત્રીએ સ્વીકારી

નવી દિલ્હી,તા.૨૮

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને સીબીએસઈની ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) મૂલ્યાંકન પ્રક્રિયામાં સર્જાયેલી ટેકનિકલ ખામીઓની જવાબદારી સ્વીકારી છે. તેમણે વિદ્યાર્થીઓને ખાતરી આપી છે કે તમામ ફરિયાદોનો ઉકેલ લાવવામાં આવશે અને જો કોઈ ઈરાદાપૂર્વક છેડછાડ માટે દોષી જણાશે, તો તેની સામે કડક કાર્યવાહી કરાશે.

આ વર્ષે ધોરણ ૧૨ ની



આશરે ૪૦૦ મિલિયન સ્કેન કરેલી ઉત્તરવહીઓનું મૂલ્યાંકન પ્રથમ વખત ઓએસએમ પ્રક્રિયા દ્વારા કરાયું હતું. પ્રારંભિક અમલીકરણને કારણે વિદ્યાર્થીઓને ટેકનિકલ અને પેમેન્ટ સંબંધિત મુશ્કેલીઓ નડી હતી. આ સમસ્યાઓના નિવારણ માટે આઈઆઈટી કાનપુર અને આઈઆઈટી મદ્રાસના નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી છે, તેમજ ચાર જાહેર ક્ષેત્રની બેંકોના પેમેન્ટ ગેટવે સંકલિત કરાયા છે. શિક્ષણ પ્રધાને વિદ્યાર્થીઓને પડેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી છે અને વિપક્ષને આ મુદ્દાનું રાજકારણ ન કરવા અપીલ કરી છે. બીજી તરફ, સીબીએસઈ એ સ્પષ્ટતા કરી છે કે વાસ્તવિક ઓએસએમ પોર્ટલ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલું યુઆરએલ માત્ર એક ટેસ્ટિંગ સાઈટ હતી.

## મોદીની આગામી ઓસ્ટ્રેલિયા મુલાકાત પહેલા મહત્વપૂર્ણ નિવેદન

# ભારત ત્રીજી સૌથી મોટી વૈશ્વિક આર્થિક શક્તિ બનશેઃ ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન

કોલકત્તા,તા.૨૮

ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝે કેનબેરામાં સંસદને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગામી ઓસ્ટ્રેલિયા મુલાકાત અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે ભારત આ દાયકામાં ત્રીજા ક્રમની સૌથી મોટી વૈશ્વિક આર્થિક શક્તિ બનવા તરફ અગ્રેસર છે. ભારત ઓસ્ટ્રેલિયા માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે અને બંને દેશો વચ્ચેના સંબંધો ખૂબ



જ મજબૂત છે. ભારતનો આર્થિક વિકાસ સમગ્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે એક મોટી તક સમાન છે.

૨૦૨૨માં હસ્તાક્ષર કરાયેલા આર્થિક સહયોગ અને વેપાર કરાર (ECTA)થી બંને દેશો વચ્ચેના વેપાર સંબંધોને નવી મજબૂતી મળી છે. શિક્ષણ, સંસ્કૃતિ અને ક્રિકેટ જેવા ક્ષેત્રોએ પણ બંને દેશોને નજીક લાવ્યા છે. અલ્બેનીઝે પોતાના જૂના સ્મરણો તાજા કરતા કહ્યું કે તેઓ ૧૯૯૧માં પહેલી વાર 'બેકપેકર' તરીકે ભારત આવ્યા હતા અને વડા પ્રધાન બન્યા પછી પણ બે વાર મુલાકાત લઈ ચૂક્યા છે. ઓસ્ટ્રેલિયામાં ભારતના હાઈ કમિશનર ફિલિપ ગ્રીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર અલ્બેનીઝના આ સંબોધનનો વીડિયો શેર કરીને ગર્વની લાગણી વ્યક્ત કરી હતી.

વડા પ્રધાન અલ્બેનીઝે ઓસ્ટ્રેલિયામાં રહેતા આશરે ૧૦ લાખ ભારતીય સમુદાયના લોકોની પ્રશંસા કરતા કહ્યું કે તેઓ દેશની અર્થવ્યવસ્થા, વ્યવસાયો અને સમાજમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. બીજી તરફ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના વિદેશ પ્રધાન પેની વોંગ સાથે મુલાકાત કરી હતી, જેમાં સંરક્ષણ, વેપાર, ટેકનોલોજી અને સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા પર સકારાત્મક ચર્ચા થઈ હતી. પેની વોંગ ક્વાડ વિદેશ પ્રધાનોની બેઠકમાં ભાગ લેવા ભારત આવ્યા હતા, જ્યાં વિદેશ પ્રધાન એસ. જયશંકર સાથે પણ ઊર્જા, દરિયાઈ સુરક્ષા, સાયબર ટેકનોલોજી અને મહત્વપૂર્ણ ખનિજો જેવા મુખ્ય મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

# પશ્ચિમ બંગાળમાં યોજાશે આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ આ વર્ષની થીમ 'સ્વસ્થ વૃધ્ધત્વ માટે યોગ'

નવી દિલ્હી,તા.૨૮


આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ ૨૧ જૂને પશ્ચિમ બંગાળના કોલકાતામાં યોજાશે. કેન્દ્રીય આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે મધ્યપ્રદેશના ખજુરાહોમાં 'યોગ મહોત્સવ ૨૦૨૬' દરમિયાન આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે કોલકાતા ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાનું મહત્વનું કેન્દ્ર હોવાથી આ સ્થાન પસંદ કરાયું છે.

વર્ષ ૨૦૨૬ના યોગ દિવસની થીમ 'સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ' રાખવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય ઉંમર વધવાની સાથે યોગ દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવાનો છે. આ પ્રસંગે ઓનલાઈન નોંધણી માટે 'યોગ સંગમ પોર્ટલ' ફરી શરૂ કરાયું છે અને સમર્પિત સ્થાનો વિકસાવવા 'યોગ પાર્ક પોર્ટલ' લોન્ચ કરવામાં આવ્યું છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૨૯-૦૫-૨૦૨૬

**રાજુલા NDPS ગુનામાં સાવરકુંડલા રૂરલ પોલીસની સર્જિકલ સ્ટ્રાઈક**

# રાજુલાથી ઝડપાયેલા શખ્સના ઘરેથી વધુ રૂ. ૨.૯૮ લાખનો ગાંજો મળી આવ્યો

અમરેલી, ૨૮

અમરેલી પોલીસે નાર્કોટીક્સના કારોબાર સામે લાલ આંખ કરી મોટી સફળતા મેળવી છે. તાજેતરમાં અમરેલી SOG દ્વારા રાજુલા-જાફરાબાદ રોડ પરથી ૫ કિલો ૨૧૮ ગ્રામ સુકા ગાંજા સાથે પકડાયેલા બિહારના શખ્સના મકાનમાંથી સાવરકુંડલા રૂરલ પોલીસે વધુ રૂ.૨.૯૮ લાખની કિંમતનો ગાંજો જપ્ત કર્યો છે.આ કેસની વિગત મુજબ, રાજુલામાં દાખલ થયેલા NDPS ગુનાની આગળની તપાસ ચલાવી રહેલા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એલ. ચૌધરીએ જેલના સળિયા પાછળ ધકેલાયેલા મૂળ બિહારના આરોપી ગૌતમકુમાર દિલીપકુમાર ઝા (પંડીત) (ઉં.વ. ૩૭) ના રહેણાંક



મકાનમાં ઘનિષ્ઠ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.આ સર્ચ દરમિયાન આરોપીના ઘરેથી વધુ ૫ કિલો ૯૭૬ ગ્રામ સુકો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે રૂ.૨,૯૮,૮૦૦/- નો આ જથ્થો કબ્જે કર્યો છે. અગાઉ

**ફુલ મુદ્દામાલ રૂ.૫.૫૯ લાખે પહોંચ્યો**

SOG એ રૂ.૨.૬૦ લાખનો ગાંજો પકડ્યો હતો, જેથી હવે આ ગુનામાં રિકવર થયેલા કુલ ગાંજાની કિંમત રૂ.૫.૫૯ લાખથી વધુ થવા જાય છે. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાવરકુંડલાખાતેઆવેલાઅમૃત સરોવરમાંડૂબીજવાથીયુવકનુંમોત

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાના બાયપાસ રોડ પર આવેલા અમૃત સરોવરમાં નહવા પડેલા ૧૮ વર્ષીય શ્રમિક યુવાન અશ્વિન કનુભાઈ કારડીયાનું ડૂબી જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ દુર્ઘટના બાદ પોલીસ અને ૧૦૮ની ટીમે યુવાનને હોસ્પિટલ ખસેડ્યો



હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરતા શ્રમિક પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો હતો. કરોડોના ખર્ચે વિકસી રહેલા આ સરોવર પર સુરક્ષા માટે કોઈ ચોકીદાર કે સીસીટીવી કેમેરાની વ્યવસ્થા નથી. અગાઉ પણ આવી ઘટનાઓ બની ચૂકી હોવા છતાં તંત્ર નિષ્ક્રિય હોવાથી, હવે તાત્કાલિક સુરક્ષા સજ્જડ કરવા લોકમાંગ ઉઠી છે.

# પાક સુરક્ષા અને સંગ્રહ માટે સરકારના બે નિર્ણયાને આવકારતા હિરેન હિરપરા

અમરેલી, તા. ૨૮

ગુજરાત સરકાર દ્વારા પ્રધાનમંત્રીના "સમૃદ્ધ ખેડૂત સમૃદ્ધ ભારત"ના સંકલ્પને સાકાર કરવા માટે બે મહત્વપૂર્ણ યોજનાઓમાં મોટો વધારો જાહેર કરવામાં આવ્યો છે. કિસાન મોરચાના હિરેન હિરપરાએ આ નિર્ણયોને આવકારતા જણાવ્યું છે કે, "તાર ફેન્સિંગ યોજના" હેઠળ ખેડૂતોને મળતી સહાય પ્રતિ રનિંગ મીટર રૂ.૨૦૦થી વધારીને રૂ.૩૦૦ કરવામાં આવી છે. આ ઉપરાંત, અગાઉ જે યોજનાનો લાભ બે હેક્ટર સુધી મર્યાદિત હતો, તે હવે એક હેક્ટર જમીન ધરાવતા નાના ખેડૂતોને પણ મળશે. આ યોજના માટે સરકારે રૂ.૨૪૦ કરોડનું બજેટ મંજૂર કર્યું છે.સાથે જ "મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર



યોજના"નો વ્યાપ અને સહાય પણ વધારવામાં આવ્યા છે. આ નિર્ણયથી ખેડૂતો પોતાના ખેતરમાં વધુ વિશાળ ક્ષમતાવાળું ગોડાઉન બનાવી શકશે, જેથી કમોસમી વરસાદ જેવી કુદરતી આફતો સામે પાક સુરક્ષિત રહેશે અને યોગ્ય સમયે બજારમાં વેચી શકાશે. કિસાન મોરચાની રજૂઆતોને ધ્યાને રાખીને લેવાયેલા આ નિર્ણયો બદલ તેમણે મુખ્યમંત્રી અને સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# અમરેલીમાં કવિ રમેશ પારેખ સ્થાપિત 'મુદ્રા' સંસ્થાનો ભવ્ય પુનઃપ્રારંભ કરાયો

અમરેલી, તા. ૨૮

અમરેલીમાં કવિ રમેશ પારેખ દ્વારા સ્થાપિત સાહિત્યિક સંસ્થા 'મુદ્રા'નો પુનઃ પ્રારંભ પૂજ્ય મોરારીબાપુ પ્રેરિત 'સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટ' ના સંચાલન હેઠળ થયો છે. 'અમરેલી ઘરાના'ને પુનર્જીવિત કરવાના આ ઉપક્રમનું ઉદ્ઘાટન મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ કર્યું હતું, જ્યારે



તસવીર : ગોપાલ રાઠોડ

સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ આ ઘટનાને ઐતિહાસિક ગણાવી હતી. રસિલાબેન પારેખની ઉપસ્થિતિમાં કવિ વિનોદ જોશીએ રમેશ પારેખની કવિતાઓની વિશેષતા જણાવી હતી. આ પ્રસંગે યોજાયેલા 'શબ્દપર્વ'ના કવિ સંમેલનમાં રાજેન્દ્ર શુક્લ, વિનોદ જોશી, મનોહર ત્રિવેદી, અરવિંદ ભટ્ટ અને ભાવેશ ભટ્ટ જેવા મૂર્ધન્ય કવિઓએ અદ્ભુત કાવ્ય પ્રસ્તુતિ દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં સાહિત્ય અને રાજકીય ક્ષેત્રના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાંવિનામૂલ્યે નેત્રનિદાનકેમ્પયોજાયો

સાવરકુંડલા, તા. ૨૮


સાવરકુંડલાની કબીર ટેકરી ખાતે કબીર સાહેબ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી અને સુદર્શન નેત્રાલયના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. મહંત નારણદાસ સાહેબ અને અરુણલાલ સાહેબના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કેમ્પ ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે સામાજિક અગ્રણીઓ વિશાલ વ્યાસ, માધવ વ્યાસ, જગદીશભાઈ જેઠવા અને જિતેનભાઈ હેલૈયા ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં કુલ ૭૮ દર્દીઓએ આંખોનું પરીક્ષણ કરાવ્યું હતું, જેમાંથી ૧૪ દર્દીઓને વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન માટે પસંદ કરાયા છે. સુદર્શન નેત્રાલયના અતુલભાઈ દવે, નિલેષભાઈ ભીલ અને હિંમતભાઈ કાછડીયાએ સેવાઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે અહીં છેલ્લા ૧૮ વર્ષથી દર મહિનાના ચોથા ગુરુવારે નિયમિતપણે આવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

**ડો. અશ્વિન હડિયા અને તેમની ટીમે ઓપરેશન પાર પાડ્યું; વિકટર ગામના દર્દીને મળી નવી જિંદગી**

# રાજુલાના મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરમાં જટિલ સર્જરી સફળ

રાજુલા, તા. ૨૮

શહેરની જાણીતી હોસ્પિટલ 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર' ખાતે તબીબોએ એક જટિલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડીને તબીબી ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ મેળવી છે. "દર્દી દેવો ભવ" ના સૂત્રને સાર્થક કરતી આ હોસ્પિટલમાં ૨૦ વર્ષથી ગાંઠની ગંભીર પીડાથી પીડાતા એક દર્દીનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, રાજુલા નજીકના વિકટર ગામના રહેવાસી દેવકુભાઈ દામાભાઈ વાઘેલા (ઉં. ૪૫) છેલ્લા બે દાયકાથી આ જટિલ ગાંઠની તકલીફથી હેરાન થતા હતા. તેમણે હોસ્પિટલના અનુભવી અને કાબિલ સર્જન ડૉ. અશ્વિન હડિયાનો સંપર્ક કર્યો હતો. દર્દીનું સચોટ નિદાન કર્યા બાદ ડૉ. હડિયાએ ઓપરેશન કરવાનો મહત્વનો નિર્ણય લીધો હતો.ડૉ. અશ્વિન હડિયા અને તેમની તબીબી ટીમે ભારે જહેમત બાદ આ પડકારજનક ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. લાંબા સમયની



પીડામાંથી મુક્તિ મળતા દર્દી અને તેમના પરિવારજનોએ હોસ્પિટલ સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ સફળતા બદલ હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને મેનેજમેન્ટે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. રોજની ૩૦૦ થી ૪૦૦ ની ઓપીડી ધરાવતી આ હોસ્પિટલે ફરી એકવાર લોકોનો વિશ્વાસ જીત્યો છે.

# મીડિયા અહેવાલ બાદ એસટી તંત્ર જાગ્યું: બગસરા-વડિયા-સુરત બસનો હોટેલ સ્ટોપ અને સમય બદલાયો

વડિયા, તા. ૨૮

રોજગારી અર્થે અમરેલીથી સુરત સ્થાયી થયેલા મુસાફરોની સગવડતા માટે બગસરા-વડિયા-સુરત બસનો રાત્રિ સ્ટોપ બદલીને 'માનસરોવર હોટેલ' કરાયો છે. બગસરા-વડિયા-સુરત બસ અગાઉ જે હોટેલ પર રોકાતી હતી, ત્યાં મુસાફરો પાસેથી વસ્તુઓના એમઆરપી (MRP) કરતાં વધુ ભાવ વસૂલીને ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવતી હતી. વળી, આ સ્ટોપ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ થતો હોવાથી પેસેન્જરો ભારે હાલાકી ભોગવતા હતા.આ બાબતે વડિયાના પીઢ પત્રકાર ભીખુભાઈ વોરાએ રૂબરૂ તપાસ કરી પ્રિન્ટ



મીડિયા તથા સોશયલ મીડિયામાં વીડિયો વાઈરલ કર્યો અને એસટી વિભાગને લેખિત ફરિયાદ કરી હતી. મીડિયાના દબાણ બાદ તંત્રે એક્શન લઈ બસનો સ્ટોપ બદલીને 'માનસરોવર હોટેલ' કર્યો છે અને સમય પણ રાત્રે ૯ વાગ્યાનો કર્યો છે. આ ફેરફારથી મુસાફરોને યોગ્ય સમયે ભોજન મળશે અને આર્થિક લૂંટમાંથી મુક્તિ મળતા આનંદની લાગણી છે.

# લીલીયામોટાખાતે 'બકરીઈદ' નીદુવાસાથેઉજવણીકરાઈ

લીલીયા, તા. ૨૮

સમગ્ર દેશ અને રાજ્યની સાથે લીલીયા મોટા મુકામે પણ ત્યાગ અને બલિદાનના પ્રતીક સમાન પવિત્ર તહેવાર 'ઈદ-ઉલ-અઝહા' (બકરી ઈદ)ની મુસ્લિમ બિરાદરો દ્વારા હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે વહેલી સવારે લીલીયા મોટાના ઈદગાહ ખાતે મોટી સંખ્યામાં એકત્રિત થયેલા



મુસ્લિમ સમાજના લોકોએ ઈદની વિશેષ નમાઝ અદા કરી હતી.ત્યારબાદ જુમ્મા મસ્જિદના પેશ ઈમામ બાવાંમિયા બાપુ દ્વારા દેશમાં અમન, શાંતિ, સમૃદ્ધિ અને ભાઈચારો જળવાઈ રહે તે માટે ખાસ દુઆ માંગવામાં આવી હતી. નમાઝ સંપન્ન થયા પછી લોકોએ એકબીજાને ગળે મળીને "ઈદ મુબારક" પાઠવ્યા હતા, જ્યારે બાળકો પણ નવા વસ્ત્રો સજીને ઉત્સાહભેર વડીલોના આશીર્વાદ લેતા નજરે પડ્યા હતા. તહેવાર શાંતિપૂર્ણ અને કોમી એકતાના વાતાવરણમાં ઉજવાય તે માટે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુંકે દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com






# અમરેલી ખાતે ADCU હાટ પ્રદર્શન અને વેચાણ મેળાનો શુભારંભ કરાવતા દિલીપ સંઘાણી

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના કુશળ માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ'ના સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરવા માટે એક સરાહનીય પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે.

અમરેલી ખાતે તારીખ ૨૭ થી ૩૧ મે, ૨૦૨૬ સુધી પાંચ દિવસીય 'NHM હાટ' પ્રદર્શન અને વેચાણ મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રેરણાદાયી મેળાનો વિધિવત શુભારંભ ઈફકો અને ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. તેમણે ઉદ્ઘાટન બાદ વિવિધ સ્ટોલની રૂબરૂ મુલાકાત લીધી હતી અને વસ્તુઓનું નિરીક્ષણ કરીને ઉપસ્થિત તમામ બહેનોને ઉત્સાહભેર પ્રોત્સાહિત કર્યા હતા.



આ વિશેષ મેળામાં પોતાના ઘરેથી જ નાના પાયે ગૃહઉદ્યોગ ચલાવતી શ્રમિક અને પ્રતિભાશાળી બહેનો દ્વારા સ્વનિર્ભરતાથી તૈયાર કરાયેલી વિવિધ આકર્ષક વસ્તુઓના પ્રદર્શન અને વેચાણ માટેની અત્યંત સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ગૌરવશાળી ઉદ્ઘાટન પ્રસંગે જયંતીભાઈ પાનસુરીયા, દીપકભાઈ માલાણી, મુકેશભાઈ સંઘાણી, જે.પી. વઘાસિયા અને અરુણભાઈ પટેલ સહિત સહકારી ક્ષેત્રના અનેક અગ્રણીઓ, રાજકીય પદાધિકારીઓ તથા સ્થાનિક મહાનુભાવો વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રકારના હકારાત્મક આયોજનથી સ્થાનિક કક્ષાએ રોજગારી મેળવતી મહિલાઓને મોટું આર્થિક પીઠબળ મળશે અને તેમના કલા-કૌશલ્યને યોગ્ય મંચ પ્રાપ્ત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ઉનાળાની અસહ્ય ગરમીમાં ઓનલાઈન વર્ગો શરૂ કરવા શિક્ષણ મંત્રીને રજૂઆત

અમરેલી, તા. ૨૮

હાલ સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં ૪૨થી ૪૫ ડિગ્રી સુધીની અસહ્ય ગરમી પડી રહી છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.

બીજી તરફ, વડાપ્રધાને પણ દેશના નાગરિકોને પેટ્રોલ અને ડીઝલનો વપરાશ ઘટાડવા માટે ખાસ આહવાન કર્યું છે. આ બંને ગંભીર બાબતોને ધ્યાનમાં રાખીને અમરેલીના પ્રાધ્યાપક જે. એમ. તળાવિયાએ એક મહત્વનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. તેમણે રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજાને પત્ર પાઠવીને એવી રજૂઆત કરી છે કે, ઉનાળુ વેકેશન ખુલતાની સાથે જ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કોલેજના તમામ અભ્યાસક્રમો ઓનલાઈન માધ્યમથી ચલાવવામાં આવે. જો આ નિર્ણય લેવામાં આવે તો વિદ્યાર્થીઓને કાળઝાળ ગરમીથી મોટી રાહત મળી શકે તેમ છે અને સાથે જ વાહનોનો વપરાશ ઘટતાં દેશનું કિંમતી વિદેશી હુંડીયામણ પણ બચાવી શકાય તેમ છે. પ્રાધ્યાપકે આ વિષયની ગંભીરતા સમજીને યોગ્ય પગલાં ભરવા વિનંતી કરી છે. આ ઉપરાંત તેમણે રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરીયા, રાજકોટના સંસદસભ્ય પુરુષોત્તમભાઈ રૂપાલા તેમજ અમરેલીના સંસદસભ્ય ભરતભાઈ સુતરિયાને પણ પત્ર પાઠવીને આ બાબતે જાણ કરી છે.

# બાઢડા ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે રૂ. ૪૨ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કુલ રૂ. ૪૨ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત, બાઢડા ગામે વોરાધાર પાસે રૂ. ૩૯ લાખના ખર્ચે નિર્માણ પામનાર તળાવનું ખાતમુહૂર્ત કરાયું હતું, જેનાથી



ગામતળ અને સીમતળમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. આ ઉપરાંત, ગામમાં રસુલભાઈની વાડી પાસે રૂ. ૩ લાખના ખર્ચે બનેલા નવા કોઝવેનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગામડાંઓના સર્વાંગી વિકાસ, પાણી સંગ્રહ અને માર્ગ સુવિધા માટે પ્રતિબધ્ધ છે. આ કાર્યક્રમમાં ભાજપના પદાધિકારીઓ, તાલુકા-જિલ્લા પંચાયતના સદસ્યો, સરપંચો, સહકારી આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# વડિયામાં શાંતિ અને ભાઈચારાની દુવા સાથે બકરી ઈદની ઉજવણી

વડિયા, તા. ૨૮

વડિયામાં સુલેહ શાંતિ અને ભાઈચારાની દુવા સાથે બકરી ઈદની નમાજ અદા કરી ઉજવણી કરાઈ હતી. વડીયાના તમામ મુસ્લિમ સમાજના લોકોએ ઈદગાહ પર નમાઝ અદા કરી અને ખાસ વડીયાના જમે મસ્જિદના પેશ ઈમામ "સૈયદ સોયેબબાપુ" દુઆ કરી કે દેશ અમન શાંતિ



ભાઈચારો મોહબ્બત બની રહે અને દેશ વિકાસની દિશામાં આગળ વધે. દુવાઓ સાથે નમાજ અદા કરી તહેવારની શુભકામના પાઠવવામાં આવી હતી.ઈદ અલ-અદહા (બકરી ઈદ અથવા બલિદાનની ઈદ તરીકે પણ ઓળખાય છે) એ મુસ્લિમ ધર્મનો સૌથી મુખ્ય અને પવિત્ર તહેવાર છે. આ તહેવાર ઈસ્લામિક કેલેન્ડરના છેલ્લા મહિના 'દુ અલ-હજ્જા' ની ૧૦મી તારીખે ઉજવવામાં આવે છે. આ તહેવાર હઝરત ઈબ્રાહિમ (અબ્રાહમ) દ્વારા અલ્લાહના આદેશ પર પોતાના પુત્ર ઈસ્માઈલના બલિદાન આપવાની તૈયારીની યાદમાં ઉજવવામાં આવે છે.

# માનવતા મહેકી: 'પ્રભુનો પ્રસાદ' માટે ૧૫ મણ ઘઉંનું અનુદાન

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા શહેરમાં ગરીબો અને ભિક્ષુકો માટે કાર્યરત 'ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન' સંચાલિત 'પ્રભુનો પ્રસાદ' પ્રોજેક્ટમાં નિવૃત્ત GEB કર્મચારી શ્રી મનસુખભાઈ લાડવા તરફથી ૧૫ મણ ઘઉંનું ઉદાર અનુદાન મળ્યું છે. આ સંસ્થા 'પ્રભુના માણસ' ગણાતા અસહાય લોકોને દરરોજ સન્માનભેર ગરમાગરમ



ભોજન પીરસે છે. આ ભગીરથ કાર્યમાં મળેલા સહયોગ બદલ સંસ્થાના હોદ્દેદારોએ દાતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને સમાજના અન્ય નાગરિકોને પણ આ માનવતાવાદી કાર્યમાં સહભાગી થવા અપીલ કરી છે.

# અમરેલીમાં જમીન વેચાણના નામે સુરતના વેપારી સાથે રૂ. ૨૨.૬૧ લાખની ઠગાઈ

**દસ્તાવેજ ન કરી આપી જાનથી મારી નાખવાની ધમકી**

અમરેલી, તા. ૨૮

અમરેલીમાં પૂર્વ આયોજિત કાવતરું રચીને જમીન વેચાણના નામે એક વ્યક્તિ સાથે રૂ. ૨૨.૬૧ લાખથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો હતો. આરોપીઓએ ટાઈટલ ક્લિયર જમીન આપવાનું કહી નાણાં પડાવી લીધા બાદ દસ્તાવેજ કરી આપવાને બદલે ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે હાલ સુરતમાં રહેતા પલકીત કાંતિભાઈ સુદાણી (પટેલ) (ઉ.વ.૨૮)એ સુરતના ભરતભાઈ બાવાભાઈ કથિરીયા, હંસાબેન ભરતભાઈ કથિરીયા, યશ ભરતભાઈ કથિરીયા તથા શિવાની ભરતભાઈ કથિરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ તેમને વિશ્વાસમાં લઈ અમરેલીમાં આવેલી બ્લોક/સર્વે નં. ૧૨૫/૨ વાળી ૬૩૦૩ ચો.મી. જમીન સંપૂર્ણપણે ટાઈટલ ક્લિયર અને કોઈના પણ હક્ક-હિસ્સા વગરની હોવાનું જણાવ્યું હતું. આ જમીન એક વીઘાના રૂ. ૩૨,૯૦,૦૦૦ લેખે વેચાણ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સોદો નક્કી થયા બાદ આરોપીઓએ ફરિયાદી પાસેથી કુલ રૂ. ૨૦,૦૦,૦૦૦ નો વેચાણ અવેજ મેળવી લીધો હતો અને નોટરાઈઝ સાટાખત ...ાણ કરી આપ્યો હતો. સાટાખતની શરતો મુજબ આરોપીઓ ફરિયાદીને જમીનનો પાકો દસ્તાવેજ કરી આપવા બંધાયેલા હતા. તેમ છતાં, શરૂઆતથી જ ઠગાઈ કરવાના ઈરાદાથી આરોપીઓએ દસ્તાવેજ કરી આપ્યો ન હતો.

તેમણે પોતાના આપેલા નાણાં તેમજ બિન-ખેતી ખર્ચના ચૂકવેલા રૂ. ૨,૬૧,૭૩૮ પરત માંગતા આરોપીઓ બેફામ ગાળો ભાંડી હતી અને ટાંટિયા ભાંગી જાનથી મારી નાખીશું તેવી ગંભીર ધમકીઓ આપી હતી. આમ આરોપીઓએ કુલ રૂ.૨૨,૬૧,૭૩૮ની છેતરપિંડી આચરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે બી ત્રિવેદી વધુ તપાસ કરી રહ્યા છે.


**સંકુલ કોલેજ પ્રવેશ ચાલુ**

BA - MA - સાયકોલોજી
BA - MA - સોસીયોલોજી
BA - MA - ઈંગ્લીશ
B.Com. - M.Com - ગુજરાતી મિડીયમ
B.Com. - M.Com - ઈંગ્લીશ મિડીયમ
B.Sc. - M.Sc - માઈક્રોબાયોલોજી
B.Sc. - M.Sc - બાયોટેક્નોલોજી
BCA - MCA - કોલેજ (GTU)
BBA - MBA - કોલેજ (GTU)
B.Pharm. - M.Pharm.
B.Ed. - PTC - કોલેજ
PG - DMLT - કોલેજ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad083


# શોષણ અને ઓછા પગાર સામે પિપાવાવ પોર્ટના કોન્ટ્રાક્ટર કર્મચારીઓનું આંદોલન

**'સમાન કામ સમાન વેતન'ની માંગ સાથે મરીન પોલીસમાં લેખિત રજૂઆત**

રાજુલા,તા.૨૮

પિપાવાવ પોર્ટ ખાતે કાર્યરત 'ફ્યુચરેઝ' કોન્ટ્રાક્ટરના કર્મચારીઓએ કંપની સંચાલકો સામે ગંભીર આક્ષેપો સાથે આંદોલનનું એલાન કર્યું છે. ઓપરેશન, પ્લાનિંગ, સેફ્ટી, ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ જેવા મહત્વના વિભાગોમાં વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓએ ઓછો પગાર અને માનસિક હેરાનગતિ મુદ્દે ન્યાયની માંગ કરી છે.

કર્મચારીઓના જણાવ્યા મુજબ, અન્ય કંપનીઓમાં સમાન કામ માટે રૂ.૬૦,૦૦૦ થી રૂ.૭૦,૦૦૦ ચૂકવાય છે, જ્યારે અહીં વર્ષ ૨૦૨૬-૨૭ માં પણ માસિક પગાર માત્ર રૂ.૧૩,૦૦૦ અપાય છે. "સમાન કામ સમાન વેતન" ના નિયમનું ઉલ્લંઘન કરીને ૧૨ કલાક સુધી કામ કરાવવા છતાં યોગ્ય ઓવરટાઈમ અપાતો નથી. વધુમાં, અવાજ ઉઠાવનારને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપવામાં આવે છે.

અસંતોષ અને તણાવ વચ્ચે કર્મચારીઓએ કાયદો-વ્યવસ્થા જાળવીને શાંતિપૂર્ણ ધરણા શરૂ કર્યા છે અને પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે.

# સાવરકુંડલામાં વૃધ્ધે ઝેરી દવા પીધી

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં એક વૃધ્ધે ઉંમરના કારણે કામકાજ કરી શકતા ન હોવાથી કંટાળીને ઝેરી દવા પી ગયા હતા, જેના લીધે તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે મહેન્દ્રભાઈ હિંમતભાઈ પારઘી (ઉં.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા હિંમતભાઈ ગીગાભાઈ પારઘી (ઉં.વ.૬૩) વયોવૃધ્ધ હતા અને કામકાજ કરી શકતા નહોતા. આથી કંટાળી જઈને તેમણે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. જે. રાઠોડ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.













# સાવરકુંડલા-લીલીયાને 'ફાટકમુક્ત' કરવા ધારાસભ્ય મહેશ કસવાલાની ઐતિહાસિક પહેલ

સાવરકુંડલા, તા.૨૮



સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારની જનતાને વર્ષો જૂની ટ્રાફિક અને રેલવે ફાટકની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવવા સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવ્યું છે. તાજેતરમાં ધારાસભ્યશ્રીએ રેલવે વિભાગના ઉચ્ચ ટેકનિકલ અધિકારીઓ અને એન્જિનયરોની ટીમ સાથે સાવરકુંડલા તથા લીલીયા રેલવે ફાટકોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમિયાન વાહનોની દૈનિક સંખ્યા અને ટ્રાફિકની ગંભીરતાને ધ્યાને લઈ, ત્યાં ઓવરબ્રિજ અથવા અંડરબ્રિજ બનાવવા અંગે ટેકનિકલ નકશાઓ સાથે સ્થળ પર સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટથી હજારો નાગરિકો, વિદ્યાર્થીઓ અને કટોકટીના સમયે એમ્બ્યુલન્સ સેવાઓનો કિંમતી સમય બચશે. ધારાસભ્યશ્રીએ આ કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરવા સૂચના આપી છે. જનતાની વર્ષો જૂની પીડા સમજીને લેવાયેલા આ સક્રિય પગલાને સમગ્ર પંથકના સ્થાનિક અગ્રણીઓ, વેપારીઓ અને નાગરિકોએ ખુલ્લા દિલથી આવકારી આભાર વ્યક્ત કર્યો છે.

# લીલીયાના પાંચ તલાવડા ગામનો ૭૦ વર્ષ જૂનો કૌટુંબિક જમીન વિવાદ પોલીસની મધ્યસ્થીથી ઉકેલાયો

લીલીયા, તા.૨૮



લીલીયા તાલુકાના પાંચ તલાવડા ગામે પોલીસની મધ્યસ્થતાથી આશરે સાત દાયકા જૂનો જમીન વિવાદ કાયમી ધોરણે ઉકેલાયો છે. ગામના હિતેશભાઈ વિરડીયાએ સંયુક્ત ખાતાની આશરે ૭૨ વીઘા ખેતીની જમીનના ભાગ પાડવા બાબતે લીલીયા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. આ કૌટુંબિક વિવાદ છેલ્લા ૭૦ વર્ષથી ચાલતો હોવાથી પરિવારમાં અશાંતિનું વાતાવરણ હતું. આ સંવેદનશીલ મામલો સામે આવતા પી.આઈ. એમ.ડી. સાળુંકેએ કાયદાકીય ગૂંચવણો વગર સુમેળભર્યું વાતાવરણ બનાવવા પ્રયાસો હાથ ધર્યા હતા. તેમણે સામા પક્ષના હસમુખભાઈ વિરડીયાને બોલાવી, બંને પક્ષોને સામસામે બેસાડીને સકારાત્મક કાઉન્સેલિંગ કર્યું હતું. પોલીસની સમજાવટથી બંને પક્ષો પરસ્પર સંમતિથી સુખદ સમાધાન માટે તૈયાર થયા હતા અને વર્ષો જૂનો વિવાદ ક્ષણભરમાં શમી ગયો હતો. બંને પક્ષોએ લીલીયા પોલીસ સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# સાવરકુંડલામાં દવાની બોટલ સમજી ભૂલથી યુવતીએ એસિડ પીધું

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં એક યુવતીએ અંધારાના કારણે દવાની જગ્યાએ એસિડ પી લીધું હતું, જેને કારણે તેની તબિયત લથડી હતી. આ યુવતી છેલ્લા કેટલાક સમયથી તાવ અને ઉધરસની બીમારીથી પીડાતી હતી. આ માટે તેણે ડૉક્ટરની સલાહ લઈ દવા પણ લીધી હતી. યુવતીએ આ દવાની બોટલ પોતાના ઘરની બારીમાં મૂકી હતી, પરંતુ કમનસીબે એ જ બારીમાં દવાની બોટલની બિલકુલ બાજુમાં એસિડની બોટલ પણ રાખેલી હતી. રાતના અંધારામાં તે બારી પાસે દવા લેવા પહોંચી હતી. અંધારું હોવાને કારણે તે સાચી બોટલ ઓળખવામાં થાપ ખાઈ ગઈ હતી. તેણે દવાની બોટલ સમજીને બાજુમાં પડેલી એસિડની બોટલ ઉઠાવી લીધી હતી અને તેમાંથી ઘૂંટડો ભરી લીધો હતો. જેને પગલે તબિયત લથડતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઈ હતી.

# અમરેલી જિલ્લામાંથી એક પરિણીતા અને બે યુવતીઓ લાપતા

**દેરડી (જાનબાઈ) ગામેથી પરિણીતા પુત્ર સાથે ઘરેથી ચાલી નીકળી**

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાંથી વધુ ત્રણ વ્યક્તિઓ લાપતા થયાની ફરિયાદ નોંધાઈ છે. લાઠીના દેરડી (જાનબાઈ) ગામેથી એક પરિણીતા પોતાના પુત્ર સાથે ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે દિનેશભાઈ નાનજીભાઈ સાબળિયા (ચૌહાણ) (ઉ.વ. ૩૮) એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની પિનલબેન પોતાના ૮ વર્ષના પુત્રને લઈ રાત્રિના આશરે દસથી સાડા દસ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક જતા રહ્યા હતા.

બીજા બનાવમાં જાફરાબાદના ભાડા ગામે રહેતા મધુભાઈ સાજણભાઈ મહીડા (ઉ.વ. ૪૯)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી પાયલબેન (ઉ.વ. ૧૯) ભાડા ગામે આવેલા પોતાના ઘરેથી કોઈને કંઈ જાણ કર્યા વગર જતી રહી હતી.

ત્રીજા બનાવમાં બાબરાના ગરણી ગામે રહેતા અશોકભાઈ શામજીભાઈ ડાબસરા (ઉ.વ.૪૧)એ જાહેર કર્યા પ્રમાણે, તેમની દીકરી ખુશીબેન (ઉ.વ.૧૮) ગરણી ગામે પોતાના રહેણાંક મકાનેથી કોઈને કંઈ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી.

# મોટા આંકડીયામાં તળાવમાંથી માટી કાઢવા મુદ્દે મારામારી

અમરેલી,તા.૨૮

અમરેલી મોટા આંકડીયા ગામે તળાવમાં સરકારી જમીનની ફાળવણી અને ગેરકાયદે ખનન અટકાવવા બાબતે થયેલા વિવાદમાં ૪૦ થી ૫૦ લોકોના ટોળાએ ઘાતક હથિયારો વડે હિંસક હુમલો કર્યો હતો. સામાજિક કાર્યકર નરેશ વાળાએ ફરિયાદ નોંધાવી છે.સરકાર દ્વારા 'મોટા આંકડીયા અનુસૂચિત જાતિ ખેતસહકારી સામુદાયીક મંડળી'ને પટ્ટે આપેલી જમીન પર કથિત હુકમના આધારે ગેરકાયદે ખનન શરૂ કર્યું હતું. આ ખનન અટકાવવા સરકારી તંત્ર સાથે પહોંચેલા પીડિતો પર ટોળાએ હુમલો કર્યો હતો, જેમાં ફરિયાદીને માથામાં ગંભીર ઈજા થઈ હતી. હુમલાખોરોએ 'ફરી અહીં દેખાશો તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી પણ આપી હતી. અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલા સ્મશાનગૃહની દુર્દશા: તંત્રની ઘોર બેદરકારી

સાવરકુંડલા, તા.૨૮



સાવરકુંડલાના કુંડલા વિભાગના સ્મશાનગૃહની હાલત અત્યંત દયનીય બની છે. લાખોની સરકારી ગ્રાન્ટ છતાં મુખ્ય અગ્નિદાહ ભટ્ટી તૂટેલી છે અને ચારેબાજુ ગંદકી તેમજ કાંટાળા બાવળોનું સામ્રાજ્ય છે. સ્થાનિક કોર્પોરેટરો ધર્મેન્દ્ર મહેતા અને અશોકભાઈ ખુમાણે રોષ વ્યક્ત કરતા જણાવ્યું કે નવા બાકડાના ટેન્ડરો બહાર પડે છે પણ સ્મશાનના તૂટેલા બાકડા બદલાતા નથી. સ્નાનઘાટ ખંડેર છે અને રાત્રે અંધારપટ છવાય છે. મંજૂર થયેલા લાકડાના હોલનું કામ એક વર્ષથી બંધ હોવાથી ચોમાસામાં લાકડા પલળવાની ભીતિ છે. જો નગરપાલિકા તાત્કાલિક સમારકામ નહીં કરે તો ઉગ્ર ઉપવાસ આંદોલન કરવામાં આવશે.

# મોટા આંકડીયામાં તળાવમા માટી ખોદવા બાબતે ૫૦હજારની ખંડણી માંગી

અમરેલી,તા.૨૮

અમરેલીના મોટા આંકડીયા ગામે સરકારી તળાવમાંથી કાયદેસરની મંજૂરી સાથે માટી ભરવાનું કામ કરી રહેલા શ્રમિકો અને ફરિયાદી પર ગામના જ કેટલાક શખ્સોએ એકસંપ કરી ઘાતક હુમલો કર્યો હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી હતી. હુમલાખોરોએ વાહનની ચાવીઓ આંચકી લઈ બે દિવસ સુધી ગોંધી રાખી, રૂપિયા પચાસ હજારની ખંડણી માંગી હતી. આટલેથી ન અટકતા, લાકડી-ધોકા અને મુઠ જેવા હથિયારો સાથે ટોળું એકઠું કરી ફરિયાદી તથા સાક્ષીઓ પર જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે ભરતભાઈ જયસુખભાઈ બાવીશી (ઉ.વ. ૩૭) એ નરેશભાઈ વાળા રહે. ચિતલ, કનુભાઈ પરમાર, વીકીભાઈ ચાવડા, વકીલ નવચેતનભાઈ પરમાર સહિત ૩૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી હતી.મળતી વિગત મુજબ, મોટા આંકડીયા ગામે આવેલા તળાવમાંથી ભરતભાઈ જયસુખભાઈ બાવીશી સરકારની કાયદેસરની મંજૂરી મેળવીને માટી ભરવાનું કામ કરી રહ્યા હતા, જે બાબત સ્થાનિક આરોપીઓને ગમતી નહોતી. આ અદાવત રાખીને આરોપીઓએ એકસંપ કર્યો હતો અને માટી વહન કરતા વાહનોને અટકાવી તેની ચાવીઓ આંચકી લીધી હતી. આરોપીઓએ આ વાહનોને બે દિવસ સુધી પોતાની પાસે રાખી મૂક્યા હતા અને વાહનો પાછા સોંપવાના બદલામાં રૂપિયા પચાસ હજારની ગેરકાયદેસર માંગણી કરી હતી. જ્યારે તેમણે અને સાક્ષીઓએ આ બાબતનો વિરોધ કર્યો, ત્યારે આરોપીઓએ બેફામ ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ આરોપીઓએ હાથમાં પહેરવાના લોખંડના મુઠ તથા લાકડાના ધોકા જેવા ઘાતક હથિયારો સાથે એક મોટું ટોળું ભેગું કરી તેમને ઘેરી લીધા હતા.

ઉશ્કેરાયેલા ટોળાએ આડેધડ ધોકાવાળી કરી શરીરે ગંભીર ઈજાઓ તેમજ ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચાડી હતી. હુમલાની ધમાલ વચ્ચે આરોપીઓએ તેમના શર્ટના ખિસ્સામાંથી રોકડા રૂ. ૪,૦૦૦ ની લૂંટ ચલાવી હતી. આ હિંસક ઘટનામાં તેમને બચાવવા વચ્ચે પડેલા સાક્ષીઓ પર પણ આરોપીઓએ છૂટા પથ્થરો ફેંક્યા હતા. પથ્થરમારાના કારણે સાક્ષીઓને માથાના ભાગે લોહીલુહાણ ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ પણ આરોપીઓએ જતા-જતા તેમને તથા સાક્ષીઓને ભવિષ્યમાં જાનથી મારી નાખવાની ગંભીર ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૨૯-૦૫-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૪,
સૂર્યાસ્ત-૦૭:૧૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

**તા.૨૯-૦૫-૨૦૨૬ શુક્રવાર**

મેષ: આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો.

વૃષભ: આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે.

મિથુન: આજનો દિવસ લાભકારક રહેશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં.

કર્ક: આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.

કન્યા: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.

તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.

વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.

ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે.જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.

મીન: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે.

# ચલાલામાં પતિના લગ્નેતર સંબંધોનો વિરોધ કરતાં પત્નીને ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી

ચલાલા, તા. ૨૮

ચલાલામાં સોશિયલ મીડિયાના કારણે વધુ એક ઘર સંસારમાં ભંગાણ પડ્યાનો અને પરિણીતા પર અત્યાચાર ગુજારાયાનો કિસ્સો સામે આવ્યો છે. લગ્નજીવન દરમિયાન પતિ અન્ય સ્ત્રીઓ સાથે સોશિયલ મીડિયા પર વાતચીત કરતો હોવાની અને લગ્નેતર સંબંધો ધરાવતો હોવાની જાણ પત્નીને થતાં, તેણે આ બાબતે વિરોધ કર્યો હતો. જેનાથી ઉશ્કેરાઈને પતિએ પત્નીને માનસિક ત્રાસ આપી, બીભત્સ ગાળો ભાંડી તેમજ ઢોરમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ બનાવ સંદર્ભે હાલ સાવરકુંડલામાં રહેતાં ક્રિષ્નાબેન સુરેશભાઈ જાદવ (ઉ.વ.૨૭) એ ચલાલામાં રહેતા પતિ ચિરાગ ભીખુભાઈ તેરૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, લગ્નજીવન દરમિયાન તેનો પતિ અન્ય અજાણી સ્ત્રીઓ સાથે સતત સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં રહેતો હતો અને તેમની સાથે લગ્નેતર સંબંધો ધરાવતો હતો. પતિની આ કરતૂતોની જાણ ફરિયાદી પત્નીને થતાં, તેણે ઘર બચાવવાના હેતુથી પતિને આવી પરસ્ત્રીઓ સાથે સંબંધ ન રાખવા સ્પષ્ટ ના પાડી હતી. જેથી પતિએ બીભત્સ શબ્દોમાં જેમ ફાવે તેમ ગાળો આપી, શરીરે મૂઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# જિલ્લામાંથી ૧૦ પીધેલા ઝડપાયા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૦ પીધેલાઓને ઝડપી પાડ્યા હતા. ઊંટવડ ગામેથી ૧૫ લીટર સહિત જિલ્લામાં છ સ્થળેથી કુલ ૩૩ લીટર દેશી દારૂ જપ્ત કરાયો હતો.

આ તમામ સામે પ્રોહિબિશન એક્ટ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી.

# બાબરાના ખંભાળા ગામે યુવકે ગળાફાંસો ખાધો

બાબરા, તા. ૨૮

બાબરાના ખંભાળા ગામે રહેતા દેવાભાઈ વિઠ્ઠલભાઈ જીંજરીયા (ઉ.વ. ૨૫)એ જાહેર કર્યા મુજબ, અશોકભાઈ વિઠ્ઠલભાઈ જીંજરીયા (ઉ.વ. ૧૯)એ તા. ૨૬/૦૫/૨૦૨૬ની રાત્રે આશરે બારેક વાગ્યે ઘરે કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે લુંગીનો એક છેડો શેટી સાથે બાંધી, બીજો છેડો ગળામાં વીંટીને વળ ચડાવી ગળાફાંસો ખાધો હતો. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. આર. દાંતી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# "તમે આડી દીવાલ કરી નાખો, હું ક્યાં રહેવા જાઉં?" તેમ કહી ગાળો આપી

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા શહેરમાં "તમે આડી દીવાલ કરી નાખો, હું ક્યાં રહેવા જાઉં?" તેમ કહેતા એક યુવકને ગાળો આપવામાં આવી હતી. આ બનાવ અંગે મુકુંદભાઈ ભરતભાઈ હેલૈયા (ઉ.વ. ૩૨) એ ભરતભાઈ સનાભાઈ હેલૈયા તથા વિશાલભાઈ ભરતભાઈ હેલૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ પોતાના દાદીના મકાનમાં આરોપીઓ સાથે રહેતા હતા. વિશાલભાઈ ભરતભાઈ હેલૈયાએ તેમને ઘરેથી જતા રહેવાનું કહ્યું હતું. જેથી તેમણે કહ્યું કે, "તમે આડી દીવાલ કરી નાખો, હું ક્યાં રહેવા જાઉં?" આ વાત આરોપીઓને સારી ન લાગતાં તેમણે જેમ ફાવે તેમ ગાળો આપી હતી, તેમજ શરીરે લાકડી વડે મૂઢમાર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ જી. ગંગલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના ધુંધવાણા ગામેથી અમરેલી એસઓજી ટીમે બોગસ ડૉક્ટર ઝડપ્યો

ખાંભા, તા. ૨૮



ખાંભાના ધુંધવાણા ગામેથી અમરેલી એસઓજીની ટીમે એક બોગસ ડૉક્ટરને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી રૂ. ૯,૭૮૮નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ખાનગી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.ઉનાનો મહમદભાઈ નિસારભાઈ સીદીકી (ઉ.વ.૨૮) સરકાર માન્ય એલોપેથિક સારવારની કોઈ ડિગ્રી ન હોવા છતાં ક્લિનિક ચલાવતો હતો. તે દર્દીઓ પાસેથી ફી લઈને એલોપેથિક સારવાર આપતો હતો. પોલીસ રેડ દરમિયાન તે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરની ડિગ્રી વિના જ એલોપેથિક દવાઓ તથા મેડિકલના સાધનો સાથે પકડાયો હતો. આરોપી પોતાના આ કૃત્યથી માનવ જિંદગી જોખમાઈ શકે છે તે જાણતો હોવા છતાં, દર્દીઓનું નિદાન અને સારવાર કરીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હતો.આ કામગીરી અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી. ઈશરાણીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમ તથા ખડાધાર પીએચસી (PHC)ના મેડિકલ ઓફિસર ડૉ. હર્ષભાઈ સુરેશભાઈ રાદડિયા દ્વારા કરવામાં આવી હતી.

**તંત્રી લેખ**

## આજના કપરા સમયમાં આર્થિક વિકાસનો પાયો વિશ્વાસ છે

ભારતના નાણામંત્રી નિર્મલા સીતારમણે તાજેતરમાં કહ્યું કે "ડર નહીં, વિશ્વાસ જરૂરી છે." આ માત્ર રાજકીય નિવેદન નથી, પરંતુ આજના અનિશ્ચિત વૈશ્વિક સમયમાં દેશને આપેલો મહત્વપૂર્ણ સંદેશ છે. વિશ્વભરમાં યુદ્ધ, મોંઘવારી અને મંદીની ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે ભારતમાં પણ કેટલાક લોકો સતત નકારાત્મક વાતાવરણ ઉભું કરી રહ્યા છે. પરંતુ સરકારનું કહેવું છે કે પડકારો છે, છતાં ભારતનું અર્થતંત્ર મજબૂત છે અને ગભરાવાની જરૂર નથી. આ વાતને આધાર આપતા ઘણા આંકડા પણ સામે આવ્યા છે. દેશમાં GST વસૂલાત સતત વધી રહી છે. વાહનોના વેચાણમાં વધારો થયો છે, જેના કારણે શહેરો અને ગામડાઓ બંનેમાં ખરીદી કરવાની ક્ષમતા વધી હોવાનું જણાય છે. બેંકોના બેડ લોન (NPA) ઘટ્યા છે અને કૃષિ, MSME તથા રિટેલ ક્ષેત્રમાં લોનનું પ્રમાણ પણ વધ્યું છે. આ દર્શાવે છે કે દેશમાં વેપાર અને ઉદ્યોગમાં વિશ્વાસ હજુ પણ મજબૂત છે. સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાનો નિર્ણય લીધો છે. આ કારણે સરકારને મોટી આવકનું નુકસાન થશે, છતાં સામાન્ય લોકો અને ઉદ્યોગોને રાહત મળે તે માટે આ પગલું ભરાયું છે. ઈંધણ સસ્તુ થશે તો ટ્રાન્સપોર્ટ ખર્ચ ઘટશે અને તેનો સીધો લાભ ખેડૂતો, નાના વેપારીઓ અને MSME ક્ષેત્રને મળશે. મોંઘવારી નિયંત્રણમાં રાખવા માટે સરકાર પોતે બોજ સહન કરે, તે લોકોમાં વિશ્વાસ ઊભો કરે છે. નાના અને મધ્યમ ઉદ્યોગો એટલે MSME ક્ષેત્ર દેશના અર્થતંત્રનું હૃદય છે. પરંતુ સૌથી મોટી સમસ્યા છે – સમયસર ચુકવણી ન મળવી. ઘણા નાના ઉદ્યોગોની કરોડો રૂપિયાની રકમ મોટી કંપનીઓ અને સરકારી સંસ્થાઓ પાસે અટવાઈ રહે છે. જ્યારે સમયસર પેમેન્ટ મળતું નથી, ત્યારે નાના ઉદ્યોગોને પગાર, કાચો માલ અને અન્ય ખર્ચ માટે ફરી લોન લેવી પડે છે. આ કારણે તેઓ દેવાના ચક્રમાં ફસાઈ જાય છે. તેથી સરકારે જાહેર ક્ષેત્રની સંસ્થાઓને ૪૫ દિવસની અંદર ચુકવણી કરવાની સૂચના આપી છે. જો આ નિયમનો કડક અમલ થશે, તો નાના ઉદ્યોગોને મોટી રાહત મળશે. નાણામંત્રીએ બેંકોને પણ મહત્વનો સંદેશ આપ્યો છે. દરેક વ્યક્તિ અથવા વ્યવસાય માટે એકસરખી લોન યોજના કામ કરી શકતી નથી. ખેડૂત, કારીગર, વણકર કે પ્રવાસન સાથે જોડાયેલા લોકોની આવક ઋતુ પ્રમાણે બદલાતી રહે છે. તેઓ દર મહિને સમાન હપ્તો ભરવામાં મુશ્કેલી અનુભવે છે. તેથી બેંકોએ લોકોની આવક અને કામના સ્વરૂપને ધ્યાનમાં રાખીને નવી અને સરળ લોન યોજનાઓ લાવવી જોઈએ. આથી વધુ લોકો ઔપચારિક બેંકિંગ સાથે જોડાશે. આ સાથે સરકારે નવા ઔદ્યોગિક પાર્ક બનાવવાની મોટી યોજના પણ જાહેર કરી છે. દેશભરમાં ૫૦ નવા પ્લગ-એન્ડ-પ્લે ઔદ્યોગિક પાર્ક બનાવવામાં આવશે. અહીં જમીન, વીજળી, પાણી અને અન્ય સુવિધાઓ પહેલેથી જ તૈયાર હશે. પરિણામે ઉદ્યોગસાહસિકોને ફક્ત ઉત્પાદન અને વ્યવસાય પર ધ્યાન આપવું પડશે. આ યોજના MSME, સ્ટાર્ટઅપ્સ અને રોકાણકારો માટે ખૂબ ઉપયોગી બની શકે છે. ભારત આજે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. યુવા વસ્તી, ડિજિટલ ટેક્નોલોજી અને મજબૂત બજાર દેશની સૌથી મોટી શક્તિ છે. દુનિયામાં ક્યારેક યુદ્ધ, ક્યારેક મહામારી અને ક્યારેક આર્થિક મંદી જેવી પરિસ્થિતિઓ આવતી રહેશે. પરંતુ જો લોકોમાં ડર ફેલાશે, તો રોકાણ અને વિકાસ બંને પર અસર પડશે. તેથી વિશ્વાસ જ સૌથી મોટી શક્તિ છે. સરકાર નીતિઓ બનાવી શકે છે, રસ્તો બતાવી શકે છે, પરંતુ વિકાસ માટે સમાજ, ઉદ્યોગપતિ અને સામાન્ય નાગરિકે પણ આગળ વધવું પડશે. માત્ર ભાષણોથી નહીં, પરંતુ સમયસર અમલથી વિશ્વાસ મજબૂત બને છે.

# કોમાના અંધકારમાં જન્મતી રહસ્યમય દુનિયા

**પ્રાસંગિક — સુરેશ દેસાઈ**


માનવ મગજ વિશે જેટલું જાણવામાં આવ્યું છે, તેના કરતાં અનેકગણું વધુ હજુ અજાણ્યું છે. બ્રહ્માંડના અગણિત તારાઓ અને ગેલેક્સીઓની જેમ જ માનવ મગજની અંદર પણ એક અનંત અને રહસ્યમય દુનિયા વસે છે. આ દુનિયા ક્યારેક જાગૃત જીવનમાં વિચાર, ભાવના અને સ્મૃતિના રૂપમાં દેખાય છે, તો ક્યારેક ઊંઘના સપનાઓમાં. પરંતુ જીવન અને મૃત્યુની વચ્ચે આવેલી કોમા જેવી અવસ્થામાં મગજ જે અદ્ભુત અનુભવો સર્જે છે, તે આજે પણ વિજ્ઞાન માટે એક વણઉકેલાયેલું રહસ્ય બનીને ઉભું છે. જ્યારે કોઈ વ્યક્તિ ગંભીર અકસ્માત, ઘાતક બીમારી અથવા મેડિકલ ઈમરજન્સીના કારણે કોમામાં જાય છે, ત્યારે સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે તે સંપૂર્ણ અંધકારમાં છે, જ્યાં કોઈ અનુભૂતિ નથી, કોઈ વિચાર નથી અને કોઈ સપનું પણ નથી. પરંતુ આધુનિક ન્યુરોસાયન્સે આ માન્યતાને ધીમે ધીમે બદલવાનું શરૂ કર્યું છે. સંશોધનોએ દર્શાવ્યું છે કે કોમામાં રહેલું મગજ ઘણીવાર અંદરથી સક્રિય રહે છે અને તે પોતાની જ એક વૈકલ્પિક દુનિયા ઊભી કરે છે. આ દુનિયામાં સમય, સંબંધો, યાદો અને લાગણીઓ એટલી વાસ્તવિક બની જાય છે કે વ્યક્તિ માટે સપના અને હકીકત વચ્ચેનો ભેદ જ ખોવાઈ જાય છે. કોમા માત્ર બેભાન અવસ્થા નહીં, એક આંતરિક યાત્રા પણ છે કોમા કોઈ સામાન્ય ઊંઘ નથી. ઊંઘમાં રહેલો માણસ આસપાસની દુનિયા સાથે ફરીથી જોડાઈ શકે છે, પરંતુ કોમામાં રહેલી વ્યક્તિ બાહ્ય પ્રતિસાદ આપવાની ક્ષમતા ગુમાવી દે છે. છતાં પણ, મગજની અંદર ચાલતી પ્રક્રિયાઓ ઘણી વખત આશ્ચર્યજનક રીતે જીવંત હોય છે. આ સમયે માનવી મૃત્યુની સમીપે હોય છે બ્રેઈન ડેડ વ્યક્તિના અંગદાનથી અનેક લોકોને નવું જીવન મળી શકે છે આ તેની સાર્થકતા છે આ માટે જનજાગૃતિ આવી રહી છે અનેક લોકો આ રીતે ઓર્ગન ડોનેશન કરી રહ્યા છે વિજ્ઞાનીઓ માને છે કે જ્યારે શરીર ગંભીર આઘાત અને અસહ્ય પીડામાંથી પસાર થાય છે, ત્યારે મગજ પોતાને અને શરીરને બચાવવા માટે એક પ્રકારની આંતરિક દુનિયા રચે છે. આ દુનિયામાં વ્યક્તિ પોતાના ભૂતકાળ, ભય, ઈચ્છાઓ અને અપૂર્ણ લાગણીઓને નવા સ્વરૂપમાં અનુભવે છે. ક્યારેક આ અનુભવો શાંતિપૂર્ણ હોય છે, તો ક્યારેક એટલા ભયાનક હોય છે કે હોશમાં આવ્યા પછી પણ તેની છાયા લાંબા સમય સુધી મન પર રહી જાય છે. કોમા દરમિયાન અનુભવાતા આ સપનાઓને હવે "કોમા ડ્રીમ્સ" તરીકે ઓળખવામાં આવે છે. આ માત્ર કલ્પના કે સાહિત્યિક વિચાર નથી, પરંતુ અનેક દર્દીઓના અનુભવો અને વૈજ્ઞાનિક અભ્યાસો દ્વારા સમર્થિત એક ગહન માનસિક ઘટના છે. સમયનો તૂટેલો અરીસો



બેભાન અવસ્થા, કોમા ડ્રીમ્સની સૌથી ચોંકાવનારી બાબત સમયનો ભ્રમ છે. બહારની દુનિયામાં પસાર થતો સમય અને મગજની અંદર જીવાતો સમય ઘણીવાર સંપૂર્ણપણે અલગ હોય છે. થોડા દિવસોનું વાસ્તવિક જીવન કોમાના સપનાઓમાં વર્ષો જેટલું લાંબું બની શકે છે. ફ્રાન્સની યુવતી ક્લેલિયા વર્ડિયરનો અનુભવ આ બાબતને અદ્ભુત રીતે સમજાવે છે. મેડિકલ ઓવરડોઝ પછી તે થોડા અઠવાડિયા માટે કોમામાં ગઈ હતી. જ્યારે તે ફરી હોશમાં આવી, ત્યારે તેણે પોતાની ત્રણ દીકરીઓ વિશે પૂછ્યું. હોસ્પિટલના ડૉક્ટરો અને પરિવારજનો માટે આ આશ્ચર્યજનક હતું, કારણ કે તે ક્યારેય માતા બની જ નહોતી. પરંતુ ક્લેલિયાના મગજમાં એક આખું જીવન પસાર થઈ ગયું હતું. તેણે પોતાની દીકરીઓનો જન્મ જોયો હતો, તેમના બાળપણને જીવ્યું હતું, તેમની સાથે હાસ્ય અને લાગણીઓ વહેંચી હતી. તેના માટે આ બધું એટલું જ વાસ્તવિક હતું જેટલું જાગૃત જીવન. જ્યારે તેને સમજાવવામાં આવ્યું કે આ બધું માત્ર મગજની રચના હતી, ત્યારે તે માટે આ સત્ય સ્વીકારવું અસહ્ય બની ગયું. આ ઘટના દર્શાવે છે કે માનવ મગજ સમયને માત્ર ઘડિયાળની ગતિથી નથી માપતું. લાગણીઓ, સ્મૃતિઓ અને કલ્પનાઓ મળીને સમયને લંબાવી પણ શકે છે અને ક્ષણમાં સમેટી પણ શકે છે. મગજની બચાવ પ્રણાલી અને સપનાઓનું સર્જન ન્યુરોલોજીના ક્ષેત્રમાં કાર્યરત નિષ્ણાતો માને છે કે કોમા દરમિયાન મગજ પોતાની સુરક્ષા માટે એક પ્રકારની માનસિક ઢાલ તૈયાર કરે છે. જ્યારે શરીર પીડા, ડર અને અસ્થિરતાથી ઘેરાયેલું હોય છે, ત્યારે મગજ વ્યક્તિને તે અસહ્ય અનુભવોથી દૂર લઈ જવા માટે એક વૈકલ્પિક વાસ્તવિકતા ઊભી કરે છે. હોસ્પિટલના આઈસીયુમાં રહેલા દર્દીઓ ઘણીવાર મશીનોના અવાજ, ડૉક્ટરોની ચર્ચા, સગા-સંબંધીઓના અવાજ અને આસપાસની હલચલને અર્ધજાગ્રત અવસ્થામાં સાંભળતા હોય છે. આ બધા સંકેતો મગજમાં પ્રવેશ કરે છે અને પછી જૂની યાદો, દબાયેલી લાગણીઓ અને અધૂરી ઈચ્છાઓ સાથે ભળી જાય છે. પરિણામે, મગજ એક એવી વાર્તા રચે છે જે સંપૂર્ણપણે કાલ્પનિક હોવા છતાં અંદરથી અત્યંત સાચી લાગે છે. કેટલીકવાર દર્દીઓ અજાણી જગ્યાઓમાં ફરતા હોવાના અનુભવ કરે છે, તો કેટલીકવાર મૃત્યુ પામેલા સ્વજનો સાથે વાતચીત કરતા હોવાની લાગણી અનુભવે છે. કેટલાક લોકો માટે આ સપનાઓ શાંતિનો અનુભવ બને છે, જ્યારે કેટલાક માટે તે ગાઢ ભય અને મૂંઝવણથી ભરેલી દુનિયા બની જાય છે. વાસ્તવિકતા અને ભ્રમ વચ્ચેનું માનસિક યુદ્ધ એટલે કોમા. કોમામાંથી બહાર આવવું માત્ર શારીરિક રીતે જાગવું નથી, પરંતુ એક નવી વાસ્તવિકતાને સ્વીકારવાની કઠિન પ્રક્રિયા પણ છે. દર્દી માટે સૌથી મોટો આઘાત એ હોય છે કે જે જીવન તેણે લાંબા સમય સુધી સાચું માનીને જીવ્યું હતું, તે અચાનક એક પળમાં અસ્તિત્વહીન બની જાય છે. ઘણા દર્દીઓ કોમામાંથી બહાર આવ્યા પછી ગંભીર માનસિક મૂંઝવણનો સામનો કરે છે. તેઓ માટે પરિવાર, સંબંધો અને આસપાસની દુનિયા અજાણી બની જાય છે. કેટલાક દર્દીઓ લાંબા સમય સુધી એ માનવા તૈયાર નથી થતા કે તેમના અનુભવો માત્ર સપના હતા. મનોવિજ્ઞાનીઓ આ સ્થિતિને "પોસ્ટ-કોમા સાયકોસિસ" તરીકે ઓળખાવે છે. આ દરમિયાન દર્દી અંદરથી ખાલીપો, અપરાધભાવ અને ભાવનાત્મક તૂટણ અનુભવતો હોય છે. જેમ કોઈ વ્યક્તિ અચાનક પોતાનું આખું જીવન ગુમાવી દે, તેવી લાગણી તેમને સતાવતી રહે છે. વિશેષજ્ઞો કહે છે કે આવા દર્દીઓને દવાઓ કરતાં વધુ લાગણીસભર સહારો અને ધીરજની જરૂર હોય છે. તેમને ફરીથી વાસ્તવિક જીવન સાથે જોડવા માટે પરિવાર, મિત્રો અને તબીબોની સંવેદનશીલ ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ બની જાય છે. વિજ્ઞાન માટે હજુ પણ રહસ્ય બાબત છે. આધુનિક ટેક્નોલોજી અને મગજના સ્કેનિંગ સાધનો હોવા છતાં, કોમા ડ્રીમ્સ વિશે આજે પણ અનેક પ્રશ્નો અનઉત્તરિત છે. શું મગજ ખરેખર વૈકલ્પિક જીવન રચી શકે છે? શું સમયનો આટલો મોટો ભ્રમ માત્ર ન્યુરોલોજિકલ પ્રક્રિયા છે કે તેની પાછળ કોઈ ઊંડુ માનસિક તત્વ છુપાયેલ છે? શું કોમા દરમિયાન માણસનું ચેતન કોઈ અલગ જ સ્તરે કાર્ય કરે છે? વિજ્ઞાન હજુ સુધી આ પ્રશ્નોના ચોક્કસ જવાબ આપી શક્યું નથી. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે માનવ મગજની ક્ષમતા આપણી કલ્પનાથી પણ ઘણી વધુ વિશાળ છે. કોમા ડ્રીમ્સ આપણને એ સમજાવે છે કે વાસ્તવિકતા માત્ર આંખોથી જોવાતી દુનિયા નથી. માણસ જે અનુભવે છે, જે માને છે અને જે જીવંત રીતે અનુભવી શકે છે, તે બધું તેની અંદરની દુનિયાને એટલું જ સાચું બનાવી શકે છે. કોમા ડ્રીમ્સ માનવ ચેતનાની એવી સરહદ છે જ્યાં વિજ્ઞાન, મન અને રહસ્ય એકબીજા સાથે ભળી જાય છે.

**મગજના રહસ્યમય સપનાઓ અને વાસ્તવિકતાની સીમા વચ્ચેના અદભુત સંઘર્ષની અનુભૂતિ બેભાન અવસ્થામાં થાય છે માનવીને તેનું સાચું સ્વરૂપ તે સમયે સમજાય છે, જીવન અને મૃત્યુ વચ્ચેના અદભુત સંતુલનની અનોખી દુનિયા. કોમા માં રહેલી વ્યક્તિ પોતાના અંગદાન દ્વારા એક કરતાં વધુ વ્યક્તિને નવું જીવન આપી શકે છે**

## શબ્દ સંજોગ-૨૨૦૫



**આડી ચાવી :**
(૧) ગળાનું એક ઘરેણુ (૩)
(૩) સુખચેન, આરામ (૩)
(૬) ચોથા ભાગનું (૧)
(૭) પરિણામ, ફાયદો (૨)
(૮) ભાવસિંહજી ગોહિલે સ્થાપેલુ નગર (૫)
(૧૦) કમળ, પોયણુ (૪)
(૧૨) ખેલ, ક્રીડા (૩)
(૧૫) દેખાવ, છટા (૨)
(૧૭) રસકસથી ભરેલુ, તાજુ (૨)
(૧૮) સારુ, યોગ્ય (૨)
(૨૧) પોળ, મહોલ્લો (૨)
(૨૨) વિમાન, વહાણ વગેરેના સ્થાન, ઉપસ્થિતી, દિશા, ઝડપ જાણવાનું સાધન (૩)
(૨૩) ખંત, હોંશ (૨)
(૨૪) ફોગટ, રદ (૨)
(૨૫) બોલ, શબ્દ (૩)
(૨૮) પરવાનગી, પરવાનો (૩)
(૩૦) એક વાર (૪)
(૩૨) મોટાઈ, મહતા (૩)
(૩૩) બોલાવવા માટે પાડેલી મોટી બૂમ (૩)

**ઉભી ચાવી :**
(૧) ઉતાવળો શ્વાસ ચાલવો તે (૨)
(૨) તીવ્ર ઈચ્છા, અભળખો (૩)
(૩) દુર્દશા, પડતી (૪)
(૪) સંકલ્પ-વિકલ્પ કરતી ઈન્દ્રીય (૨)
(૫) શહેર (૩)
(૮) સાવચેતી, કાળજી (૨)
(૯) રમતા રમતા સધાય એવુ તે (૫)
(૧૧) દહીંમાંથી બનતી એક વાનગી (૨)
(૧૩) પાણીપીવાની ઈચ્છા (૩)
(૧૪) વેપારીની પેઢી (૨)
(૧૬) મન નું વલણ,શોક (૨)
(૧૯) જરૂરી ખર્ચ જ કરવુ તે (૫)
(૨૦) સીમા, સીમાડો (૪)
(૨૬) ફેર, તફાવત (૩)
(૨૭) ઈરાન દેશ (૩)
(૨૯) એક સંખ્યા (૨)
(૩૧) વસિયતનામું (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૪ જવાબ

**આડી ચાવી:** (૧) ઉકન (૩) ઉચકી (૫) ઉટી (૬) તપ (૮) ઉટકવું (૧૦) ટેબલ (૧૨) ઉલ (૧૩) ટફન (૧૫) ભુંડ (૧૮) લડત (૨૦) ઉકન (૨૧) નજર (૨૩) ઉર્મિલ (૨૪) રકમ (૨૫) ઉન (૨૬) ઉર્વ. **ઉભી ચાવી:** (૧) ઉખત (૨) નર્યા (૩) ઉગટ (૪) કુટીર (૭) પટેલ (૮) ઉલટ (૯) કધનડ(ધડકન) (૧૧) ઉભુ (૧૨) ઉધ્વૅ (૧૪) ફલ (૧૬) ડગર (૧૭) ઉકલવુ (૧૯) તનક (૨૦) ઉર્મી (૨૨) જમઉ(ઉજમ) (૨૩) ઉર્મી (૨૪) રન.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૨૦ | ૧૮૮૩ |
| ઘઉં લોકવન | ૪૩૧ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૮૮૫ | ૧૦૧૪ |
| જુવાર લાલ | ૮૭૫ | ૯૬૦ |
| જુવાર પીળી | ૩૯૧ | ૪૮૯ |
| બાજરી | ૨૮૦ | ૩૭૫ |
| તુવેર | ૧૨૦૫ | ૧૪૯૦ |
| ચણા પીળા | ૧૦૭૦ | ૧૧૮૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૭૩૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૪૦ |
| મગ | ૧૨૭૫ | ૧૭૩૦ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૦૮૬ |
| ચોળી | ૯૨૫ | ૧૫૪૫ |
| વટાણા | ૬૦૦ | ૯૪૫ |
| કળથી | ૩૫૧ | ૪૩૨ |
| રાજમા | ૭૫૦ | ૧૪૪૫ |
| સીંગદાણા | ૧૫૭૦ | ૧૯૨૫ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૬૭૫ |
| મગફળી જીણી | ૧૩૧૦ | ૧૯૦૦ |
| તલી | ૧૮૫૨ | ૨૪૦૦ |
| સુરજમુખી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૧૭૧ | ૧૩૨૦ |
| અજમો | ૧૪૪૦ | ૨૪૪૦ |
| સુવા | ૯૯૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૬૭૧ |
| સીંગફાડા | ૧૪૫૦ | ૧૮૯૦ |
| કાળા તલ | ૨૧૫૫ | ૩૬૧૨ |
| લસણ | ૯૭૦ | ૧૫૭૫ |
| ધાણા | ૨૨૫૦ | ૨૪૮૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૬૬૦ |
| વરીયાળી | ૬૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૦૦ |
| રાય | ૧૩૩૦ | ૧૭૫૩ |
| મેથી | ૧૧૬૦ | ૧૯૦૦ |
| કલોંજી | ૨૬૭૦ | ૩૪૧૨ |
| રાયડો | ૧૨૫૦ | ૧૪૧૦ |
| રજકાનું બી | ૪૯૦૦ | ૬૯૦૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૧૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૨૩ | ૫૩૬ |
| લીંબુ | ૧૧૨૧ | ૨૨૩૪ |
| સાકરટેટી | ૧૨૭ | ૩૩૪ |
| તરબુચ | ૧૪૩ | ૨૪૪ |
| પપૈયા | ૭૩ | ૧૭૪ |
| બટેટા | ૧૦૩ | ૨૮૨ |
| ડુંગળી સુકી | ૬૧ | ૩૫૧ |
| ટમેટા | ૨૭૫ | ૫૯૩ |
| સુરણ | ૮૩૭ | ૧૦૨૪ |
| કોથમરી | ૭૨૯ | ૧૦૪૮ |
| રીંગણા | ૧૨૬ | ૨૫૧ |
| કોબીજ | ૭૭ | ૧૪૯ |
| ફ્લાવર | ૩૫૨ | ૫૪૩ |
| ભીંડો | ૨૨૧ | ૪૦૭ |
| ગુવાર | ૪૨૬ | ૮૧૧ |
| ચોળાસીંગ | ૪૧૧ | ૭૨૬ |
| ટીંડોળા | ૪૦૧ | ૮૧૩ |
| દુધી | ૧૨૨ | ૨૧૪ |
| કારેલા | ૩૧૩ | ૪૮૯ |
| સરગવો | ૨૮૯ | ૬૧૨ |
| તુરીયા | ૪૭૯ | ૭૨૩ |
| પરવર | ૫૧૬ | ૭૨૭ |
| કાકડી | ૨૦૫ | ૪૪૩ |
| ગાજર | ૨૪૭ | ૪૪૭ |
| વટાણા | ૧૨૦૭ | ૧૪૧૧ |
| ગલકા | ૨૧૯ | ૩૬૨ |
| બીટ | ૨૦૨ | ૪૧૧ |
| મેથી | ૭૦૩ | ૯૮૦ |
| ડુંગળી લીલી | ૬૩૧ | ૯૨૪ |
| આદુ | ૧૪૧૮ | ૧૬૨૭ |
| મરચા લીલા | ૪૧૮ | ૬૨૬ |
| મકાઇ લીલી | ૨૧૩ | ૪૪૧ |
| ગુંદા | ૩૪૩ | ૫૫૪ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૯૦૦ |
| કોબી | ૮૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| કાકડી | ૮૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૨૪૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૪૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૧૮૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૮૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ફ્રુટિફ્રુટિ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૮૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૧ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૩૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૩૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૬૧૦ | ૧૮૬૫ |
| કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૨૫ | ૧૩૫૫ |
| જીરૂ | ૨૯૩૦ | ૩૮૦૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૫૭૦ | ૨૪૨૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૨૦ |
| તુવેર | ૧૦૯૫ | ૧૪૧૫ |
| મગ | ૧૩૮૫ | ૧૫૪૫ |
| એરંડા | ૧૦૮૦ | ૧૨૧૦ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૬૯૦ | ૨૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૬૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૦ |
| મગ | ૧૦૦૧ | ૧૬૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૧૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૩૫૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૭૬ |
| મગફળી | ૯૦૧ | ૧૨૧૬ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૭૧૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૨૭૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૫૧ |
| મેથી | ૫૦૧ | ૧૨૮૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૪૧ |
| લસણ | ૮૩૧ | ૮૩૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૫૩૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૨૫ | ૯૮૦ |
| અડદ | ૬૫૦ | ૧૫૭૦ |
| તુવેર | ૭૦૦ | ૧૩૫૫ |
| ચોળી | ૧૧૨૫ | ૧૫૦૫ |
| મેથી | ૫૦૦ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૬૩૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૪૨ |
| રાયડો | ૧૦૨૦ | ૧૪૦૫ |
| લસણ | ૮૦૦ | ૧૮૧૦ |
| કપાસ | ૯૦૦ | ૧૭૬૪ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૭૭૦ |
| અજમો | ૧૮૭૦ | ૩૨૩૦ |
| અજમાની ભૂસી | ૧૦૦ | ૨૩૦૦ |
| ધાણા | ૧૭૮૦ | ૨૪૪૦ |
| વટાણા | ૫૦૦ | ૮૬૦ |
| કલોંજી | ૭૭૫ | ૩૨૯૦ |

## મેટાનો મોટો નિર્ણય: ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપના 'પ્લસ' વર્ઝન માટે આપવા પડશે પૈસા

વોશિંગ્ટન,તા.૨૮

સોશિયલ મીડિયા કંપની મેટાએ કમાણીનો નવો સ્ત્રોત ઊભો કરવા માટે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ માટે નવા 'પ્લસ' સબ્સ્ક્રિપ્શન પ્લાન રજૂ કર્યા છે. આ પ્લાન લેનારા યુઝર્સને સ્પેશિયલ ટૂલ્સ અને કસ્ટમાઈઝેશનના વિકલ્પો મળશે, જે કંપનીના હાલના 'મેટા વેરિફાઈડ' પ્લાનથી અલગ હશે. ભારતમાં આ ફીચર તબક્કાવાર રોલઆઉટ કરવામાં આવશે. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પ્લસમાં યુઝર્સને સ્ટોરી કોણે ફરી જોઈ તે જાણી શકાશે. આ સિવાય, ક્લોઝ ફ્રેન્ડ્સની મલ્ટિપલ લિસ્ટ, ૨૪ કલાક પછી પણ સ્ટોરી રાખવાની સુવિધા, નામ દર્શાવ્યા વિના છુપાઈને બીજાની સ્ટોરી જોવાની ક્ષમતા, મિત્રોને ખલેલ પહોંચાડ્યા



વિના પ્રોફાઈલ અપડેટ અને નવા ફોન્ટ્સ-થીમ્સ જેવા ૫ મુખ્ય ફાયદા મળશે. વળી, વોટ્સએપ પ્લસમાં કસ્ટમ રિંગટોન અને એડિશનલ પિન્ડ ચેટ્સ મળશે. મેટા AI માટે માસિક $૭.૯૯ અને $૧૯.૯૯ ના બે પ્લાન તેમજ ક્રિએટર્સ-બિઝનેસ માટે $૧૪.૯૯ અને $૪૯.૯૯ ના એડવાન્સ પ્લાન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. પ્રાઈવસી નિયમો કડક થતાં અને જાહેરાતોની આવક ઘટતાં મેટાએ આ નવું બિઝનેસ મોડેલ અપનાવ્યું છે.

## ઈરાન અને અમેરિકા વચ્ચે વેપાર કરાર થવાની સંભાવના વચ્ચે ક્રૂડ ઓઈલમાં ૬ ટકા, સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો

મુંબઈ,તા.૨૮

ઈરાન અને અમેરિકા વચ્ચે વેપાર કરાર થવાની આશા વચ્ચે હોર્મુઝ રૂટ પર જહાજોની અવરજવર એક મહિનામાં રાબેતા મુજબ થઈ જવાની શક્યતા છે. આ અહેવાલોને પગલે વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલના ભાવમાં ૫ થી ૬ ટકાનો મોટો કડાકો બોલાઈ ગયો હતો.




વૈશ્વિક બજાર તૂટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઘટવાને કારણે મુંબઈ અને અમદાવાદના ઝવેરી બજારમાં કિંમતી ધાતુઓ દબાણ હેઠળ જોવા મળી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૫૦૦ નો ઘટાડો નોંધાયો હતો, જેના કારણે ૯૯.૫ ના ભાવ રૂ. ૧,૬૦,૭૦૦ અને ૯૯.૯ ના ભાવ રૂ. ૧,૬૧,૦૦૦ ના મથાળે રહ્યા હતા. આ તરફ નવી માગ ધીમી હોવાથી અમદાવાદમાં ચાંદીનો ભાવ પ્રતિ કિલો રૂ. ૨,૬૦,૦૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# જાફરાબાદના હેમાળ નજીક ત્રિપલ અકસ્માતમાં વૃધ્ધનું ઘટનાસ્થળે મોત

જાફરાબાદ,તા.૨૮

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર જાફરાબાદના હેમાળ ગામ નજીક એક હૃદયદ્રાવક ત્રિપલ અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં બે ફોરવ્હીલર અને એક બાઈક (ટુ-વ્હીલર) વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક ચાલક વૃધ્ધનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતકની ઓળખ નાગજીભાઈ વલ્લભભાઈ સાવલિયા (ઉં.વ. ૭૭) તરીકે થઈ છે, જેઓ નજીકના ચોત્રા ગામના રહેવાસી હતા. ઘટનાની જાણ થતાં જ નાગેશ્રી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે જાફરાબાદ હોસ્પિટલ ખસેડ્યો હતો અને અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ દુર્ઘટનાને પગલે હાઈવે પર થોડો સમય ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.



# ગીરમાં સિંહોના મોતનો સિલસિલો યથાવત, વધુ એકના મોત સાથે કુલ આંકડો ૯ પર પહોંચ્યો

**ગાંધીનગરની ઉચ્ચ સ્તરીય ટીમ ગીરમાં દોડી આવી**

અમરેલી,તા. ૨૮

અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના ગીર પૂર્વ અને પશ્ચિમ વનવિભાગમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (CDV) અને બેબેસિયાના પ્રકોપ વચ્ચે વધુ એક સિંહનું મોત નીપજ્યું છે,

જેનાથી કુલ મૃત્યુઆંક ૯ પર પહોંચી ગયો છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ મુખ્યમંત્રીની ઉચ્ચસ્તરીય બેઠક બાદ ગાંધીનગર વનવિભાગની ટીમ તાત્કાલિક ગીર દોડી આવી છે.

આ ટીમમાં PCCF ભવાની પતી, CCF રામ રતન નાલા અને વરિષ્ઠ તબીબો સામેલ છે.

ઉચ્ચ અધિકારીઓનો આ કાફલો જસાધાર એનિમલ કેર સેન્ટર પહોંચ્યો હતો અને ઓબ્ઝર્વેશન હેઠળ રખાયેલા સિંહોના સ્વાસ્થ્યની સમીક્ષા કરી હતી. જોકે, અધિકારીઓ દ્વારા સિંહોના મોતની સત્તાવાર માહિતી છુપાવવામાં આવી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સંકટને પહોંચી વળવા માટે જંગલના અનુભવી જૂના અધિકારીઓ અને RFO ડૉ. રાજન જાદવ, બી.બી.વાળા સહિત ફોરેસ્ટરોની ટીમને તાત્કાલિક જસાધાર રેન્જમાં હાજર થવા હુકમ કરાયો છે. હાલ સિંહોને બચાવવા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે, પરંતુ પરિસ્થિતિ ચિંતાજનક હોવાથી તપાસ ટીમે મીડિયાને વિગતો આપવાનો ઈનકાર કર્યો છે.

# ગીરમાં રોગચાળાના સંકટ વચ્ચે સિંહણના લાઈવ શિકારનો વીડિયો વાયરલ



ઉના,તા.૨૮

ઉના:ગીરમાં એશિયાટિક સિંહો પર તોળાતા રોગચાળાના સંકટ વચ્ચે ઉનાના રાતડ ગામમાં સિંહણ દ્વારા ગાયના લાઈવ શિકારની ઘટના સામે આવી છે. ખોરાકની શોધમાં ગ્રામ્ય વિસ્તારમાં પ્રવેશેલી સિંહણે એક ગાયનું મારણ કર્યું હતું, જે દ્રશ્યો સ્થાનિક સિંહપ્રેમીએ મોબાઈલમાં કેદ કર્યા હતા.

# સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ૧૬૧મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ યોજાયો

સુરત,તા.૨૮

સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા આયોજિત 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં સુરત શહેરના ભવ્ય ઈતિહાસ અને તેની અનોખી સંસ્કૃતિની ચર્ચા કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે, સુરત ૧૧મી સદીથી વિકસતું આવ્યું છે. રાંદેર કરતાં નાનું હોવા છતાં, ભૌગોલિક પરિસ્થિતિને કારણે તે મોટું દરિયાઈ




વેપારી મથક અને 'સોનાની મુરત' બન્યું. સુરત ૧૮૫૨માં ભારતની બીજી નગરપાલિકા બન્યું હતું, તેમજ અહીં પ્રથમ ગુજરાતી-અંગ્રેજી શાળા, પ્રથમ અખબાર (ગુજરાત મિત્ર) અને પ્રથમ ટોલટેક્સ (હોપપુલ) શરૂ થયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલભાઈ મદ્રાસીએ જણાવ્યું કે, ૧૫મી-૧૬મી સદીમાં સુરતમાં ૮૪ દેશોના ધ્વજ ફરકતા હતા. આજે તે 'મીની ભારત' તરીકે ઓળખાય છે, જ્યાં ૨૬ રાજ્યોના લોકો વસે છે. થાઈલેન્ડમાં પણ સુરત પરથી નદી અને શહેરનું નામ રખાયું છે. કાર્યક્રમમાં ખોડલધામના અનારબેન પટેલે પણ હાજરી આપી આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

# અમદાવાદ-સોમનાથ વાયા કોડીનાર નવી વોલ્વો બસ સેવાનો પ્રારંભ

અમદાવાદ,તા.૨૮

અમદાવાદ વોલ્વો એસટી ડેપો દ્વારા અમદાવાદથી સોમનાથ વચ્ચે નવી વોલ્વો બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ બસ અમદાવાદ ગીતામંદિરથી સવારે ૭:૩૦ વાગ્યે ઊપડીને સાંજે ૫:૩૦ વાગ્યે સોમનાથ પહોંચશે અને ત્યાં રાત્રિ રોકાણ કરીને બીજા દિવસે તે જ સમયે પરત ફરશે. મુસાફરોની સુવિધા માટે આ બસ ધોલેરા એક્સપ્રેસ હાઈવે, ભાવનગર, તળાજા, મહુવા, રાજુલા, ઊના અને કોડીનાર ખાતે સ્ટોપ કરશે. એસટી નિગમે લોકોને આ સેવાનો લાભ લેવા અપીલ કરી છે. બીજી તરફ, મુસાફરોની સગવડતા વધારવા માટે આ બસ સેવાને વેરાવળ સુધી લંબાવવા, તેનો સમય બે કલાક વહેલો કરવા તેમજ રાત્રે નવ વાગ્યે કોડીનારથી ઊપડે તેવી વધુ એક નવી બસ શરૂ કરવા અજીતભાઈ ચાવડા દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# અમરેલીના સુખનાથપરામાં પ્રિન્ટિંગ મશીનમાં આગ: બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત

અમરેલી,તા.૨૮


શહેરના સુખનાથપરાની શેરી નંબર-૭ માં આવેલા હિતેનભાઈ ડોડીયાના મકાનમાં કાર્યરત 'ચામુંડા ફોટો ફ્રેમ'ની દુકાનમાં આજે સાંજે ૫:૨૦ કલાકે અચાનક આગ ફાટી નીકળી હતી. મકાનમાં રાખેલા ત્રણથી ચાર પ્રિન્ટિંગ મશીનોને કારણે ભારે ધુમાડો ફેલાઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની આગેવાની હેઠળ ફાયર ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે અત્યાધુનિક સાધનો વડે સ્મોક મેનેજમેન્ટ કરી, વેન્ટિલેશન ઊભું કરીને પાણીનો મારો ચલાવ્યો હતો અને આગને કાબૂમાં લીધી હતી. આ દુર્ઘટનામાં કાચ વાગવાના કારણે માલિક અને એક કર્મચારી ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી એકને ફાયર વિભાગે પ્રાથમિક સારવાર આપી હતી જ્યારે અન્ય એકને હોસ્પિટલ ખસેડાયા હતા. આ ઓપરેશનમાં ભગવતસિંહ ગોહિલ, પ્રવીણભાઈ ચૌહાણ, કૃષ્ણભાઈ ઓળકિયા, જગદીશભાઈ ભુરીયા અને હર્ષભાઈ ચાવડાએ પ્રશંસનીય કામગીરી કરી હતી.




# આઠ સિંહોના મોત બાદ વેરાવળ રેન્જમાં વનવિભાગ એલર્ટ થયું

ઉના,તા.૨૮

ગીર પૂર્વ અને પશ્ચિમ વનવિભાગમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (CDV) અને બેબેસિયા જેવા જીવલેણ રોગચાળાને કારણે ટૂંકા ગાળામાં ૯થી વધુ સિંહોના મોત થતાં વનતંત્ર યુદ્ધના ધોરણે સક્રિય થયું છે. આ અંતર્ગત ગીર સોમનાથના વેરાવળ રેન્જમાં સિંહોની સુરક્ષા માટે કડક મોનીટરીંગ શરૂ કરાયું છે.વેરાવળ રેન્જના ઈન્ચાર્જ ACF યોગેશ કલસરીયાએ જણાવ્યું કે, ચોરવાડથી મૂળદ્વારકા સુધીના કોસ્ટલ અને રેવન્યુ વિસ્તારમાં વસતા ૨૦થી વધુ સિંહો પર ટ્રેકર્સ અને ગાર્ડની ટીમો ૨૪ કલાક નજર રાખી રહી છે. સિંહોની હિલચાલ, ખોરાક અને વર્તનનું બારીકાઈથી ઓબ્ઝર્વેશન કરાય છે. રાહતની વાત એ છે કે વેરાવળ રેન્જના તમામ સિંહો હાલ સંપૂર્ણ સ્વસ્થ છે. તેમ છતાં, વનવિભાગે આગોતરા પગલાં રૂપે રસીકરણ અને તાત્કાલિક સારવારની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.



# પીઠવાજાળના વતની મહેન્દ્ર દેસાઈની સુરત મનપાની સ્ટેન્ડિંગ કમિટીમાં નિમણૂંક

અમરેલી,તા.૨૮

અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામના વતની અને ભાજપના અગ્રણી મહેન્દ્ર દેસાઈની સુરત મહાનગરપાલિકામાં મહત્વની ગણાતી સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. સુરત મનપામાં કમિટીના સભ્યોની વરણી દરમિયાન તેમને આ મહત્વની જવાબદારી સોંપાતા રાજકીય ક્ષેત્રે તેમનું કદ વધ્યું છે. મહેન્દ્ર દેસાઈની આ ઉચ્ચ પદ પર નિમણૂક થતાં જ તેમના વતન પીઠવાજાળ ગામ સહિત સમગ્ર અમરેલી પંથકમાં આનંદ અને ખુશીની લહેર વ્યાપી ગઈ છે. ગામના ગૌરવ સમાન મહેન્દ્રભાઈને આ સફળતા બદલ તેમના મિત્રો, સ્નેહીજનો અને પરિચિતો દ્વારા સોશિયલ મીડિયા તેમજ ટેલિફોનિક માધ્યમથી વ્યાપક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.



# સુરત મનપામાં પાટીદાર મહિલા બન્યા નવા મેયર

સુરત,તા.૨૮

સુરત મહાનગરપાલિકાના સર્વોચ્ચ પદોને લઈને ચાલી રહેલા સસ્પેન્સનો આખરે અંત આવ્યો છે. મનપાની સામાન્ય સભામાં ૩ કલાકના લાંબા વિલંબ અને ભારે રાજકીય ડ્રામા બાદ નવા પદાધિકારીઓના નામોની સત્તાવાર જાહેરાત કરાઈ છે. ભાજપ હાઈકમાન્ડે મેયર પદ માટે સૌરાષ્ટ્રવાસી પાટીદાર મહિલા ચહેરા પર પસંદગીનો કળશ ઢોળ્યો છે.આ સાથે જ જ્ઞાતિ અને પ્રાદેશિક સમીકરણો બેસાડવા સૌરાષ્ટ્ર, મરાઠી, સુરતી, જૈન અને ઉત્તર ભારતીય પદાધિકારીઓની પસંદગી કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંત કોરાટે ફોન દ્વારા શહેર પ્રમુખ પરેશ પટેલને નામોની યાદી સોંપી હતી. આ જાહેરાતથી ભાજપ કાર્યકરોમાં ભારે ઉત્સાહ ફેલાયો છે.

# ગુજરાત રાજયમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ: તાપમાન ૪૪ ડિગ્રીએ પહોંચ્યું

અમદાવાદ,તા.૨૮

રાજ્યભરમાં અસહ્ય ગરમી અને બફારાનો પ્રકોપ યથાવત્ રહેતાં નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. આકાશમાંથી વરસી રહેલી ગરમી વચ્ચે સુરેન્દ્રનગર ૪૪ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં પારો ૪૩.૬ ડિગ્રી અને રાજકોટમાં ૪૩.૩ ડિગ્રીએ પહોંચ્યો છે. ગાંધીનગર, અમરેલી અને ડીસા જેવાં શહેરોમાં પણ તાપમાન ૪૧ થી ૪૨ ડિગ્રીની આસપાસ રહેતાં બપોરે ત્વચા બાળતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.



હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ આંતરિક વિસ્તારોમાં પારો ૪૦ થી ૪૪ ડિગ્રી વચ્ચે રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનોના કારણે અસહ્ય અકળામણ વધવાની શક્યતા હોવાથી ત્યાં 'યલો એલર્ટ' જાહેર કરાયું છે.

# ધોરાજી નગરપાલિકાની બેદરકારીને કારણે બહારપુરામાં ગંદકીનું સામ્રાજ્ય

ધોરાજી,તા.૨૮

ધોરાજીના બહારપુરા કુરેશી રોડ વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી ભૂગર્ભ ગટર ઉભરાઈ રહી છે.

મુસ્લિમ સમાજનો પવિત્ર તહેવાર ઈદ નજીક હોવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા કોઈ સફાઈ કામગીરી કરવામાં આવી નથી. રોડ પર ગટરનું ગંદુ પાણી ફરી વળતાં અસહ્ય દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે, જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. સામાજિક આગેવાન સેહબાજ ચિશ્તીએ આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે નગરપાલિકા દ્વારા સફાઈ બાબતે લાખો રૂપિયાના બિલ ઉધારવામાં આવે છે, છતાં ધોરાજીમાં ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતને કારણે માત્ર કાગળ પર જ વિકાસના દાવા થાય છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. જો ઈદ પહેલાં ગટરલાઈનની કાયમી મરામત નહીં થાય તો સ્થાનિક લોકોએ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.


તસવીર : નયન કુહાડીયા

# ગોંડલમાં ભુલા પડેલા રાજકોટના ૮૦ વર્ષીય વૃધ્ધનું પરિવાર સાથે મિલન

ગોંડલ,તા.૨૮

ગોંડલમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરતા શિવમ સાર્વજનિક ટ્રસ્ટના કાર્યકરોએ રાજકોટથી ભૂલા પડીને આવેલા ૮૦ વર્ષીય વૃદ્ધ અમરસિંહભાઈ ત્રિકમભાઈ ચાવડાનું ગણતરીના કલાકોમાં તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાંથી સારવાર લઈ ઘરે જવાના બદલે ભૂલથી ગોંડલ પહોંચેલા વૃદ્ધ જેતપુર રોડ પર ફૂટપાથ પરથી મળી આવ્યા હતા. એક જાગૃત નાગરિકે ટ્રસ્ટના પ્રમુખ દિનેશભાઈ માધડનો સંપર્ક કર્યો હતો. ટ્રસ્ટની ટીમે વૃધ્ધને હોસ્પિટલ લાવી જમાડ્યા હતા. ત્યારબાદ દિનેશભાઈએ રાજકોટની થોરાળા પોલીસ ચોકીનો સંપર્ક કરી વૃધ્ધનો ફોટો મોકલતા, પોલીસે તત્પરતા દાખવી ગણતરીની મિનિટોમાં જ તેમના પરિવારને શોધી કાઢ્યો હતો. પિતા સહીસલામત મળતા દીકરા નરેન્દ્રભાઈએ રાહતનો શ્વાસ લીધો હતો અને ટીમ તેમજ પોલીસનો આભાર માન્યો હતો.



તસવીર : ભોજાણી દેવાંગ

# કેરળમાં પૂર્વ સીએમના નિવાસસ્થાને દરોડા દરમિયાન ઈડીની ટીમ પર હુમલો

તિરૂવનંતપુરમ,તા.૨૮





કેરળમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના અધિકારીઓ પર થયેલા હુમલા મામલે પોલીસે મોટી કાર્યવાહી કરીને આઠ લોકોની ધરપકડ કરી છે. આ હિંસા ત્યારે ભડકી જ્યારે ઈડીની ટીમે સીએમઆરએલ (CMRL) મની લોન્ડરિંગ કેસ અંતર્ગત ભૂતપૂર્વ મુખ્યમંત્રી પિનરાઈ વિજયનના ભાડાના નિવાસસ્થાન સહિત ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ તપાસ પૂર્વ સીએમના પુત્રી વીણા ટી. અને એક રેતી ખાણકામ કંપની વચ્ચેના નાણાકીય વ્યવહારો સાથે જોડાયેલી છે. રાજ્ય પોલીસ વડા રવાડા એ. ચંદ્રશેખરે ગૃહમંત્રી રમેશ ચેન્નીથલા સાથે બેઠક બાદ જણાવ્યું કે, હુમલાખોરો સામે કડક કાર્યવાહીના આદેશ અપાયા છે. મ્યુઝિયમ પોલીસ સ્ટેશનમાં આશરે ૩૦૦ લોકોના ટોળા સામે હત્યાનો પ્રયાસ, રમખાણો અને સરકારી કામમાં અવરોધ જેવી ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

ઉશ્કેરાયેલા ટોળાએ લાકડીઓ અને પથ્થરો વડે હુમલો કરતાં એક ઈડી અધિકારી, એક ડ્રાઈવર તેમજ સુરક્ષામાં તૈનાત સીઆરપીએફ (CRPF) ના જવાનો ઘાયલ થયા હતા. આ હિંસામાં સરકારી વાહનો તોડી પડાયા હતા, જેમાં અંદાજે ૩ લાખનું નુકસાન થયું છે.

# મથુરામાં પરિક્રમા રૂટ પર અંધાધૂંધી ગોળીબાર થતાં શ્રદ્ધાળુઓમાં નાસભાગ

મથુરા,તા.૨૮



મથુરાના મહોલી ગામમાં જૂની દુશ્મનાવટને કારણે બે જૂથો વચ્ચે લોહિયાળ અથડામણ થઈ હતી. અધિક માસ પરિક્રમા દરમિયાન યાત્રાળુઓ માટે સેવા શિબિર અને પ્રસાદ વિતરણ બાબતે ચંદ્રપાલ અને ગુડ્ડી પ્રધાનના જૂથો સામસામે આવી ગયા હતા. વિવાદ એટલો વધ્યો કે બંને પક્ષોએ સામસામે પથ્થરમારો કર્યો અને ગેરકાયદેસર હથિયારોથી ખુલ્લેઆમ અડધા કલાક સુધી ગોળીઓનો વરસાદ કર્યો હતો, જેનાથી ભક્તોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આ હિંસક લડાઈમાં બંને પક્ષના થઈને અડધા ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. ચંદ્રપાલ જૂથના સંજુને છાતીમાં અને ગુડ્ડી જૂથના હરિઓમને માથામાં ગોળી વાગતાં ગંભીર હાલતમાં સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા છે, જ્યારે અન્ય ઘાયલો જિલ્લા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં એસપી સિટી રાજીવ કુમાર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ગામમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને વાયરલ વીડિયોના આધારે આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી તેજ કરી છે.

# મહાયુતિમાં બેઠકોનો વિવાદ દિલ્હી પહોંચ્યો: ફડણવીસનો અમિત શાહ સાથે બેઠકનો ઈનકાર

મુંબઈ,તા.૨૮

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાન પરિષદ (MLC) ની ૧૭ બેઠકોની વહેંચણીને લઈને મહાયુતિમાં ખેંચતાણ શરૂ થઈ છે. શિંદે સેના ૭ અને એનસીપી (AP) ૩ બેઠકોની માંગ પર અડગ છે. આ વિવાદ દિલ્હી પહોંચ્યો હોવાના અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ચર્ચા થઈ હોવાના અહેવાલો વચ્ચે દેવેન્દ્ર ફડણવીસે આવી કોઈ બેઠક યોજાઈ હોવાનો ઈનકાર કર્યો છે.

બીજી તરફ, અજિત પવારના અવસાન બાદ એનસીપી (AP) માં આંતરિક મતભેદો સપાટી પર આવ્યા છે, જ્યાં સુનેત્રા પવારના નિવાસસ્થાને મળેલી બેઠકમાં સુનીલ તટકરે અને છગન ભુજબળ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. દરમિયાન, વિપક્ષી મહાવિકાસ આઘાડી (MVA) પણ તમામ ૧૭ બેઠકો પર ચૂંટણી લડવા માટે વ્યૂહરચના ઘડી રહી છે.

# અજમેરમાં કોંગ્રેસ નેતા અને પરિવારની હત્યા: પુરાવાનો નાશ કરવા કાર સહિત ચારને સળગાવ્યા

અજમેર,તા.૨૮



અજમેરના બગોડામાં કોંગ્રેસ નેતા અને પૂર્વ સરપંચ રામ સિંહ ચૌધરી સહિત પરિવારના ચાર સભ્યોના મોતમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આ અકસ્માત નહીં, પરંતુ તીક્ષ્ણ હથિયારોથી ઘરમાં જ કરાયેલી નિર્મમ હત્યા હતી. હત્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે મૃતદેહોને સ્કોર્પિયો કારમાં મૂકી, ૫૦૦ મીટર દૂર લઈ જઈ સળગાવી દેવાયા હતા. પોલીસે આ ગુનાના શંકાસ્પદ કાવતરા બદલ રામ સિંહની પહેલી પત્નીની અટકાયત કરી છે. તપાસ દરમિયાન મૃતક રામ સિંહના ઘરેથી લોહીના ડાઘ અને દિવાસળીઓ મળી આવી છે, તેમજ લોહી ધોવા માટે ડીઝલનો ઉપયોગ કરાયો હોવાના પુરાવા મળ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, મૃત્યુના ગણતરીના કલાકો પહેલાં જ રામ સિંહે ફેસબુક પર એક પછી એક ૧૩ પોસ્ટ કરીને પોતાની પોલીસ સુરક્ષા હટાવવા અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા અને જીવનું જોખમ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. પોલીસ સમગ્ર મામલાની ઊંડી તપાસ કરી રહી છે.

# સીબીએસઈ પરીક્ષા મૂલ્યાંકન અંગે રાહુલ ગાંધીના શિક્ષણ મંત્રી પર પ્રહારો

નવીદિલ્હી,તા.૨૮

લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સીબીએસઈ (CBSE) પરીક્ષા મૂલ્યાંકન પ્રણાલી અંગે કેન્દ્ર સરકાર અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલે 'X' પર આરોપ લગાવ્યો કે ઓન-સ્ક્રીન માર્કિંગનો કોન્ટ્રાક્ટ વિવાદાસ્પદ ભૂતકાળ ધરાવતી કંપનીને અપાયો છે.

તેમણે સવાલ કર્યો કે, શું કોન્ટ્રાક્ટ આપતા પહેલાં કંપનીની પૃષ્ઠભૂમિ તપાસવામાં આવી હતી? જો વડાપ્રધાનને વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા હોત, તો શિક્ષણ મંત્રીને ક્યારનાય હટાવી દીધા હોત. બીજી તરફ, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સીબીએસઈ મુખ્યાલયમાં સમીક્ષા બેઠક યોજી ટેકનિકલ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમણે રાહુલના આરોપોનો જવાબ આપતા જણાવ્યું કે, સમગ્ર પ્રક્રિયા ભારત સરકારની ખરીદી નીતિ અનુસાર જ થઈ છે.

# આંતરરાષ્ટ્રીય રિપોર્ટનો દાવો: ભારત માટે ચીન-પાકિસ્તાન સૌથી મોટો સુરક્ષા પડકાર

નવીદિલ્હી,તા.૨૮



સિંગાપોરમાં યોજાનારા 'શાંગરી-લા ડાયલોગ' પહેલાં લંડનની સંસ્થા આઈઆઈએસએસ ના 'એશિયા-પેસિફિક રિજનલ સિક્યોરિટી એસેસમેન્ટ' રિપોર્ટમાં દાવો કરાયો છે કે, ભારત માટે પરંપરાગત સુરક્ષા પડકારો ચીન અને પાકિસ્તાન આસપાસ જ કેન્દ્રિત રહેશે. રિપોર્ટમાં ભારતની વર્તમાન સ્થિતિને ×યુદ્ધ નહીં, શાંતિ નહીં× ના હાઈબ્રિડ પડકાર તરીકે વર્ણવવામાં આવી છે. અહેવાલ મુજબ, પરમાણુ સશસ્ત્ર પડોશીઓ સાથેના સરહદ વિવાદોને કારણે ભારત મોટા પાયે લશ્કરી કાર્યવાહી માટે સૈન્યને સજ્જ કરી રહ્યું છે. વર્ષ ૨૦૧૬, ૨૦૧૯ અને ૨૦૨૫ માં પાકિસ્તાન સામે કરાયેલી સર્જિકલ સ્ટ્રાઈક્સે ભારતની લશ્કરી વ્યૂહરચનાને પ્રભાવિત કરી છે. જોકે, ભારત હિંદ મહાસાગરની બહાર વ્યાપક એશિયા-પેસિફિક ક્ષેત્રમાં સક્રિય સૈન્ય ભૂમિકા ભજવવાથી બચશે અને તાઈવાન મામલે અમેરિકા-ચીન સંઘર્ષથી પણ અંતર જાળવશે. બીજી તરફ મલાક્કા સ્ટ્રેટ જેવા વ્યૂહાત્મક માર્ગો પર ચીનની વધતી સૈન્ય ક્ષમતાઓ ભૂરાજકીય સ્પર્ધા વધારી રહી છે.

# તમિલનાડુમાં વર્ષ દરમ્યાન ગાય અને વાછરડાની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ

ચેન્નાઈ,તા.૨૮



મદ્રાસ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં તમિલનાડુ સરકારને બકરી ઈદ અથવા અન્ય કોઈપણ દિવસે ગાય અને વાછરડાની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો આદેશ આપ્યો છે. જસ્ટિસ જી.આર. સ્વામિનાથન અને વી. લક્ષ્મણનની ડિવિઝન બેન્ચે જાહેર હિતની અરજી પર સુનાવણી કરતાં સ્પષ્ટ કર્યું કે, બકરી ઈદ પર ગાયની કતલ કરવી એ ઈસ્લામમાં ફરજિયાત ધાર્મિક પ્રથા નથી. કોર્ટે સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાઓ અને બંધારણની કલમ ૪૮નો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, કોઈપણ જાહેર કે અનધિકૃત સ્થળોએ પશુઓની કતલ કરી શકાશે નહીં. આ પ્રક્રિયા માત્ર કાયદેસર રીતે માન્ય કતલખાનાઓ સુધી જ સીમિત રહેશે. પોલીસ દ્વારા કામચલાઉ કતલખાના નિયુક્ત કરવા સામે કડક નારાજગી વ્યક્ત કરતાં કોર્ટે જણાવ્યું કે, આ સત્તા માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે જ છે. હાઈકોર્ટે રાજ્યના મુખ્ય સચિવ અને એડીજીપીને આ આદેશનું કડક પાલન કરાવવા માટે સમગ્ર રાજ્યમાં પરિપત્ર જાહેર કરવાની સૂચના આપી છે.

# એમપીમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ગુજરાતી પ્રવાસીઓની બસ પર પથ્થરમારો

વડોદરા, ,તા.૨૮



મધ્યપ્રદેશમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરાના ગુજરાતી પ્રવાસીઓની બસ અને અન્ય કાર પર ૨૦થી ૨૫ લોકોના ટોળાએ અંધાધૂંધ પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં બસના ચાલક સહિત બે લોકો ઈજાગ્રસ્ત થયા છે અને વાહનોના કાચ તૂટતાં મોટું નુકસાન થયું છે.પ્રવાસીઓએ આક્ષેપ કર્યો છે કે ઘટના બાદ સ્થાનિક પોલીસ અને તબીબી સેવા સમયસર મળી ન હતી અને હદ મામલે પોલીસે હાથ ઊંચા કરી દીધા હતા.

વધુમાં, લૂંટફાટની આ ઘટના બાદ પણ એમપી-ઝાબુઆ રોડના ટોલ કર્મચારીઓએ માનવતા દાખવવાને બદલે ટેક્સ માટે પરેશાન કર્યા હતા.

# કેન્યાની ગર્લ્સ એકેડેમીની હોસ્ટેલમાં મોડી રાત્રે ભીષણ આગ: ૧૬ના મોત

કેન્યા,તા.૨૮



આફ્રિકન દેશ કેન્યાની ઉતુમિશી ગર્લ્સ એકેડેમીની હોસ્ટેલમાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ૧૬ માસૂમ વિદ્યાર્થીનીઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ભયાનક અગ્નિકાંડમાં ૭૪ દીકરીઓ ગંભીર રીતે દાઝી જતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. રેડ ક્રોસ અને ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ બચાવ કામગીરી હાથ ધરી હતી. રાષ્ટ્રપતિ વિલિયમ રૂટોએ આ હોનારત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. આ કરુણ દુર્ઘટના પાછળ શોર્ટ સર્કિટ જવાબદાર હોવાની આશંકા છે.

# ભાજપ સંગઠનમાં ફેરફાર: પંજાબમાં કેવલ ઢિલ્લોન અને હરિયાણામાં અર્ચના ગુપ્તા પ્રદેશ પ્રમુખ નિમાયા

નવીદિલ્હી,તા.૨૮



ભાજપે સંગઠનને મજબૂત કરવા પંજાબ અને હરિયાણામાં નવા પ્રદેશ પ્રમુખોની જાહેરાત કરી છે. પંજાબમાં પાયાના સ્તરના કુશળ નેતા અને પૂર્વ ધારાસભ્ય કેવલ ઢિલ્લોનને પ્રદેશ પ્રમુખ બનાવાયા છે. બીજી તરફ, હરિયાણામાં મહિલા નેતૃત્વને પ્રોત્સાહન આપવા રાજ્ય મહાસચિવ અર્ચના ગુપ્તાની પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક કરાઈ છે. આગામી રાજકીય પડકારો અને ચૂંટણીલક્ષી રણનીતિના ભાગરૂપે લેવાયેલા આ નિર્ણયથી ભાજપ બંને રાજ્યોમાં પક્ષના સમર્થનનો આધાર વધારવા અને કાર્યકરોમાં નવી ઊર્જા ભરવા માંગે છે

# સિંધુ જળ સંધિ ભારતની તરફેણમાં: હસન અબ્બાસે ઈસ્લામાબાદને સંધિમાંથી ખસી જવા આપી સલાહ

ઈસ્લામાબાદ,તા.૨૮



સિંધુ જળ સંધિ (IWT) ને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ યથાવત છે. એપ્રિલ ૨૦૨૫માં પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે સંધિ સ્થગિત કરતાં પાકિસ્તાન અકળાયું છે. દરમિયાન, પાકિસ્તાની જળ સંસાધન નિષ્ણાત હસન અબ્બાસે આ સંધિને સંપૂર્ણપણે ભારતની તરફેણમાં ગણાવીને ઈસ્લામાબાદને તેમાંથી ખસી જવાની સલાહ આપી છે. અબ્બાસે પાકિસ્તાની અખબાર 'ડોન'માં લખ્યું છે કે, સંધિથી પાકિસ્તાનને એવું કંઈ ખાસ મળ્યું નથી જે તે સંધિ સમાપ્ત થતાં ગુમાવી બેસે. પૂર્વીય નદીઓ (રાવી, બિયાસ, સતલજ) પર ભારતનો વિશિષ્ટ અધિકાર છે, જ્યારે પશ્ચિમી નદીઓ (સિંધુ, ઝેલમ, ચિનાબ) ના ભૌગોલિક સ્થાનને કારણે ભારત તેનું પાણી વાળી શકતું નથી, માત્ર એટલે જ તે પાકિસ્તાન સુધી પહોંચે છે. તેમણે ઉમેર્યું કે ભારતે પશ્ચિમી નદીઓ પર પણ જળવિદ્યુત પ્રોજેક્ટ્સના અમર્યાદિત અધિકારો મેળવ્યા છે. અબ્બાસે પાકિસ્તાનને આ સંધિ છોડીને ૨૦૨૪ ના બર્લિન આંતરરાષ્ટ્રીય પાણી સંમેલન હેઠળ પર્યાવરણીય અને માનવ અધિકારો પર પોતાનું નવું વલણ અપનાવવા સૂચન કર્યું છે.

# વિનેશ ફોગાટની એન્ટ્રી પર વિવાદ: દિલ્હી હાઈકોર્ટના આદેશ સામે WFI સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું

નવીદિલ્હી,તા.૨૮



નવી દિલ્હી: ભારતીય રેસલિંગ ફેડરેશન (WFI) એ મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટને એશિયન ગેમ્સ ૨૦૨૬ની પસંદગી ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપતા દિલ્હી હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. જસ્ટિસ પી.એસ. નરસિંહા અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચ શુક્રવારે આ અરજી પર સુનાવણી કરશે.

દિલ્હી હાઈકોર્ટે અગાઉ જણાવ્યું હતું કે ડબ્લ્યુએફઆઈ (WFI) ની પસંદગી નીતિ ભેદભાવપૂર્ણ લાગે છે, કારણ કે તેમાં વિનેશ જેવા પ્રખ્યાત ખેલાડી માટે કોઈ વિશેષ વિવેકાધિકાર નથી. કોર્ટે પ્રસૂતિ રજા પછી પરત ફરી રહેલી વિનેશને ૩૦-૩૧ મેના રોજ યોજાનારી ટ્રાયલ્સમાં ભાગ લેવાની મંજૂરી આપી હતી.

બીજી તરફ, રેસલિંગ ફેડરેશને ડોપિંગ વિરોધી નિયમો અને ૬ મહિનાની નોટિસ અવધિ પૂર્ણ ન કરી હોવાની દલીલ સાથે વિનેશને જૂન ૨૦૨૬ સુધી સ્થાનિક ટુર્નામેન્ટ માટે ગેરલાયક ઠેરવી છે. સુપ્રીમ કોર્ટનો આગામી ચુકાદો વિનેશના ભવિષ્ય માટે નિર્ણાયક સાબિત થશે.

# ગુજરાત સચિવાલયમાં વહીવટી ફેરબદલ: ૩૬ અધિકારીઓની બદલી, ૮૧ને બઢતી



ગાંધીનગર,તા.૨૮

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા સચિવાલયમાં મોટો વહીવટી ફેરબદલ કરવામાં આવ્યો છે. સત્તાવાર આદેશ અનુસાર, વિવિધ વિભાગોમાં લાંબા સમયથી કાર્યરત ૩૬ સેક્શન અધિકારીઓની આંતરિક બદલી કરાઈ છે. વહીવટી સુધારણા અને કાર્યક્ષમતા વધારવાના ભાગરૂપે આ નિર્ણય લેવાયો છે.

આ સાથે જ, સચિવાલય કેડરમાં ફરજ બજાવતા ૮૧ ડેપ્યુટી સેક્શન અધિકારીઓ (નાયબ સેક્શન અધિકારી)ને સેક્શન અધિકારી તરીકે પ્રમોશન (બઢતી) આપવામાં આવ્યું છે. બઢતી મેળવનારા તમામ અધિકારીઓને અલગ-અલગ વિભાગોની ખાલી જગ્યાઓ પર નવી નિમણૂક સોંપાઈ છે.૨૭ મે, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા આ સામૂહિક નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી વહીવટ અને વિકાસકાર્યોને વધુ વેગવંતો બનાવવાનો છે. ઉચ્ચ સ્તરેથી તમામ બદલી અને બઢતી મેળવનારા અધિકારીઓને કોઈપણ વિલંબ વિના તાત્કાલિક અસરથી નવા વિભાગોમાં ચાર્જ સંભાળવા કડક સૂચના આપવામાં આવી છે.

# રાજ્યમાં બે દિવસ બાદ ૯ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી



અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં આકરી ગરમી વચ્ચે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. આગામી બે દિવસ બાદ વાતાવરણમાં મોટો પલટો આવવાની શક્યતા છે. ચોમાસાની સત્તાવાર શરૂઆત પહેલાં જ રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટીના કારણે ધોધમાર વરસાદના એંધાણ છે.

આગાહી મુજબ, ૩૦ મેથી ૧ જૂન દરમિયાન ગુજરાતના વિવિધ નવ જિલ્લાઓમાં ભારે પવન અને વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડી શકે છે. પશ્ચિમ પાકિસ્તાનથી અરબ સાગર સુધી સર્જાયેલા ટ્રફ અને શક્તિશાળી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આ વરસાદી માહોલ સર્જાશે, જેનાથી તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે.

હાલ અમદાવાદ, રાજકોટ અને ગાંધીનગરમાં પારો ૪૩ ડિગ્રીને પાર છે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં અસહ્ય બફારો છે. આગામી ૩ દિવસ ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે, પરંતુ ત્યારબાદ શરૂ થનારી પ્રી-મોન્સૂન એક્ટિવિટીથી લોકોને આકરી ગરમીમાંથી મોટી રાહત મળશે.

# સાંસદ મનસુખ વસાવાના નિવેદનથી આદિવાસી રાજકારણમાં ગરમાવો

નર્મદા,તા.૨૮

નર્મદા જિલ્લાના ભાજપના વરિષ્ઠ સાંસદ મનસુખ વસાવાના તાજેતરના નિવેદનથી ગુજરાતના આદિવાસી રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મહેશ વસાવાના રાજીનામા અંગે પ્રતિક્રિયા આપતા તેમણે દાવો કર્યો કે, મહેશ વસાવા હાલ આમ આદમી પાર્ટી (AAP)ના સતત સંપર્કમાં છે. સાંસદે આદિવાસી નેતા છોટુ વસાવા પર પ્રહારો કરતા કહ્યું કે, તેઓ રાજકીય રીતે સ્થિર નથી અને તેમના પરિવારના સભ્યો 'આપ' સાથે જોડાયેલા છે. આ સાથે તેમણે ચૈતર વસાવા પર ટિકિટ માટે સોદાબાજી કરવાનો આક્ષેપ પણ કર્યો હતો. લોકસભા ચૂંટણી બાદ નર્મદા, ભરૂચ અને છોટાઉદેપુર જેવા આદિવાસી પટ્ટામાં આ નિવેદનને કારણે ભાજપ અને 'આપ' વચ્ચે રાજકીય સમીકરણો બદલાય તેવી ચર્ચા તેજ બની છે.

# આદિવાસી પટ્ટામાં કોંગ્રેસને ઝટકો: પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાનું રાજીનામું

ભરૂચ,તા.૨૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ ભરૂચ સહિત દક્ષિણ ગુજરાતના રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે. ચૂંટણી પરિણામો બાદ બદલાતા સમીકરણો વચ્ચે કોંગ્રેસ પક્ષને આદિવાસી વિસ્તારમાં મોટો રાજકીય ઝટકો લાગ્યો છે. પૂર્વ ધારાસભ્ય અને



જાણીતા આદિવાસી નેતા મહેશ વસાવાએ કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. ચૂંટણી પહેલાં જ કોંગ્રેસમાં જોડાયેલા મહેશ વસાવાનું આ જોડાણ બહુ લાંબું ચાલ્યું નહીં. રાજીનામું આપવાની સાથે તેમણે કોંગ્રેસના સ્થાનિક નેતૃત્વ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમનું કહેવું છે કે તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ઉમેદવારોની પસંદગીમાં મોટા પાયે 'સોદાબાજી' થઈ છે અને પાયાના સાચા કાર્યકરોની અવગણના કરવામાં આવી છે. આ આકસ્મિક રાજીનામાથી ભરૂચ અને નર્મદા જિલ્લાના રાજકીય વર્તુળોમાં ગણગણાટ શરૂ થયો છે. હવે તેઓ ભાજપમાં જોડાશે કે પોતાના જૂના સંગઠનને ફરી બેઠું કરશે, તેના પર સૌની નજર ટકેલી છે.

# દિયોદર તાલુકા પંચાયતમા નાટક: ચૂંટણી અધિકારી હોસ્પિટલમાં દાખલ

પાલનપુર,તા.૨૮

બનાસકાંઠાની દિયોદર તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી હાઈવોલ્ટેજ પોલિટિકલ ડ્રામામાં ફેરવાઈ ગઈ છે. કુલ ૨૨ બેઠકોમાંથી કોંગ્રેસ પાસે ૧૨ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી છે, જ્યારે ભાજપ પાસે ૧૦ બેઠકો છે. ૨૫ મેના રોજ યોજાયેલી પ્રથમ સભામાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર ઘર્ષણ અને ધક્કામુક્કી થતાં ચૂંટણી અધિકારીના કપડાં ફાટી ગયા હતા અને ચૂંટણી મોકૂફ રખાઈ હતી. ત્યારબાદ ૨૭ મેની નવી તારીખે પણ ચૂંટણી અધિકારી ડી.એન. કાછડ સમયસર ન પહોંચતા સસ્પેન્સ વધ્યું હતું. બાદમાં તેઓ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ હોવાનું સામે આવ્યું હતું. કોંગ્રેસે ભાજપ પર સત્તાના દુરુપયોગ અને લોકશાહીની હત્યાનો આક્ષેપ કર્યો છે, જ્યારે ભાજપે આ આક્ષેપોને ફગાવી દીધા છે. વારંવાર મોકૂફ થતી આ ચૂંટણી હવે સમગ્ર ગુજરાતમાં ચર્ચાનો વિષય બની છે.

# કેનેડામાં બોરસદની ૨૨ વર્ષીય યુવતી વિધી મેઘાની ચાકૂના ઘા ઝીંકી હત્યા

આણંદ,તા.૨૮

રોજીરોટી અને ઉજ્જવળ ભવિષ્યની આશાએ વિદેશ જતા ગુજરાતીઓ પર જીવલેણ હુમલાની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે.

આવી જ એક હૃદયદ્રાવક ઘટના કેનેડાથી સામે આવી છે, જ્યાં કેનેડાના નાયગ્રા વિસ્તારમાં મૂળ આણંદ



જિલ્લાના બોરસદની ૨૨ વર્ષીય યુવતી વિધી કલ્પેશકુમાર મેઘાની ચાકૂના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દેવામાં આવી છે.

વિધી છેલ્લા ચાર વર્ષથી કેનેડામાં ઉચ્ચ અભ્યાસ કરવાની સાથે નોકરી પણ કરતી હતી અને ત્યાં કાયમી વસવાટ (PR) મેળવવા પ્રયત્નશીલ હતી. ૧૫ મેના રોજ અમેરિકન બોર્ડર નજીક અજાણ્યા શખ્સોએ તેના પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો, જેમાં ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું. કેનેડા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આશાસ્પદ દીકરીની હત્યાના સમાચાર વતન બોરસદ પહોંચતા જ પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો છે.

# વડાપ્રધાન મોદીના ૧૨ વર્ષ સુશાસનની ઉજવણી અંગે 'કમલમ' ખાતે બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૨૮

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગર સ્થિત ભાજપ પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે એક હાઈપ્રોફાઈલ બેઠક યોજાઈ હતી. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠનના અન્ય




દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકનો મુખ્ય એજન્ડા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરને રાજ્યભરમાં ભવ્ય જનસંપર્ક અભિયાન તરીકે ઉજવવાનો છે. આ માટે સંગઠનને પાયાના સ્તરે વધુ મજબૂત કરવા વિશેષ કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરાઈ છે. આ ઉપરાંત, ગુજરાતમાંથી ખાલી પડનારી રાજ્યસભાની ચાર બેઠકો માટેના સંભવિત ઉમેદવારો અને જ્ઞાતિગત સમીકરણો અંગે પણ ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક ચૂંટણી પરિણામોની સમીક્ષા સાથે સંગઠનની આગામી રાજકીય દિશા નક્કી કરવામાં આવી છે, જેનાથી કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# સરકારી ખર્ચમાં કાપ મુકવા સરકારે જાહેર કરી ૧૧ મુદ્દાની ગાઈડલાઈન

ગાંધીનગર,તા.૨૮

વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વહીવટી ખર્ચમાં ઘટાડો કરવા ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સામાન્ય વહીવટ વિભાગે ૧૧ મુદ્દાઓની વિગતવાર એસઓપી (SOP) જાહેર કરી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણ જાળવણી, ઈંધણની બચત અને



સરકારી ખર્ચ પર નિયંત્રણ લાવવાનો છે. નવી માર્ગદર્શિકા મુજબ, અધિકારીઓને ખાનગી વાહનોના બદલે એસટી બસ, ટ્રેન અને મેટ્રો જેવા જાહેર પરિવહનનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરાશે. અનિવાર્ય સંજોગો સિવાય વિદેશ કે રાજ્ય બહારના પ્રવાસો ટાળવા અને બેઠકો વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજવા સૂચના અપાઈ છે. વધારાના સરકારી વાહનો પૂલમાં જમા કરાવવાના રહેશે. આ નિયમો તમામ સરકારી અને અર્ધસરકારી કચેરીઓને લાગુ પડશે.

# અમદાવાદમાં ફાયરિંગ કેસમાં નિવૃત્ત ડીવાયએસપી અને તેમનો પરિવાર જેલભેગો

અમદાવાદ,તા.૨૮

અમદાવાદના નહેરૂનગરમાં કરોડોની જમીન વિવાદમાં ફાયરિંગ કરનાર નિવૃત્ત ડીવાયએસપી (DySP) અશોકસિંહ ચૌહાણની સેટેલાઈટ પોલીસે ધરપકડ કરી છે. પોલીસે પાવર ઉતારી તેમને ધક્કા મારી લોકઅપમાં પૂર્યા હતા. આ કેસમાં તેમના દીકરા અને દીકરીની પણ ધરપકડ કરાઈ છે. જમીન ભાડે રાખનાર અમિત પટેલે AMCની નોટિસ બાદ ડિપોઝિટ



પરત માંગતા વિવાદ થયો હતો, જેમાં અશોકસિંહે ફાયરિંગ કર્યું હતું. પોલીસે હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# છેલ્લી ઘડીએ ટીકીટ મેળવનાર નેહલ શુક્લા બન્યા રાજકોટ શહેરના મેયર

રાજકોટ,તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકાના નવા પદાધિકારીઓની જાહેરાતમાં ભાજપે નેહલ શુક્લના નામની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે. સ્થાનિક ચૂંટણીમાં આંતરિક જૂથબંધીને કારણે છેલ્લી ઘડી સુધી જેમને ટિકિટ નહોતી મળી, તે નેહલ શુક્લને મેયર પદની લોટરી લાગી છે. તેઓ જનસંઘના પીઢ નેતા સ્વ. ચીમન શુક્લના પુત્ર



છે. મેયર પદ માટે પાટીદાર અને ક્ષત્રિય સમાજના તીવ્ર લોબિંગ વચ્ચે ભાજપે બ્રાહ્મણ ચહેરા પર પસંદગી ઉતારી છે.

આ સાથે ડેપ્યુટી મેયર તરીકે દક્ષાબેન વસાણી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પરેશ પીપળીયાની વરણી કરાઈ છે. આ જાહેરાત બાદ ડૉ. નેહલ શુક્લ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના ઘરે આશીર્વાદ લેવા પહોંચ્યા હતા, જેનાથી રાજકોટના રાજકારણમાં રૂપાણી અને શુક્લ પરિવારનો દબદબો ફરી સાબિત થયો છે.





